આજનો સુવિચાર

જ્યારે વ્યક્તિ સફળ થાય છે ત્યારે લોકો ખુશ નથી થતા પણ ઈર્ષ્યા કરવા લાગે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : પર જૂનાગઢ તા.૧૩-૦૨-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 52, Junagadh : Date : 13 February, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### એમએસપી મામલે ખેડૂત નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓ વચ્ચેની બેઠક નિષ્ફળ-સિન્ધુ, શંભુ અને ટીકરી બોર્ડર સીલ કરાઈ - દિલ્હીમાં કલમ ૧૪૪ લાગુ

# ખેડૂતો અને પોલીસ વચ્ચે શંભુ બોર્ડર પર ઘર્ષણ : પથ્થરમારો-ટીયર ગેસ છોડાયો - સ્થિતિ સ્ફોટક



નવી દિલ્હી તા. ૧૩

ખેડૂતો આજે દિલ્હી તરફ કૂચ કરી રહયા છે. ગતરાત્રે ચંદીગઢમાં સાડા પાંચ કલાક સુધી ચાલેલી બેઠકમાં કૃષિ પાકોના લઘુતમ ટેકાના ભાવ(એમએસપી)મામલે ખેડૂતો નેતાઓ અને કેન્દ્રીય નેતાઓ વચ્ચે યોજાયેલી મંત્રણા નિષ્ફળ રહેતા ખેડૂતોએ દિલ્હી કુચ જારી રાખતા પંજાબ હરીયાણા સ્થિત શંભુ બોર્ડર ઉપર ખેડૂત અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું છે. ખેડૂતોને વિખેરી નાંખવા માટે પોલીસે ટીયર ગેસના સેલ છોડયા હતા. તેમજ લાઠી ચાર્જનો પણ આસરો લીધો હતો. શંભુ બોર્ડર ખાતે સ્થિતી અત્યંત સ્ફોટક બની ગઈ છે. ડ્રોન દ્વારા પોલીસે ટીયર ગેસ છોડયો હતો. શંભુ બોર્ડર ઉપર પરિસ્થિતી નિયંત્રણ બહાર જતા હોવાના સંકેતો મળી રહયા છે. ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશતા અટકાવવા શંભુ બોર્ડર, સિન્ધુ બોર્ડર અને ટીકરી બોર્ડર સીલ કરી નાખવામાં આવી છે. ખેડૂત નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓ વચ્ચે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) ગેરંટી કાયદા અને લોન માફી પર કોઈ સંમતિ થઈ શકી નથી. આ પછી કિસાન મજદૂર મોરચાના સંયોજક સરવણ સિંહ પંઢેરે દિલ્હી કૂચની જાહેરાત કરી હતી. કિસાન મજદુર મોરચાના કન્વીનર સરવણ સિંહ પંઢેરે જાહેરાત કરી કે ખેડૂતો આજે દિલ્હી કૂચ કરશે. તેમણે ખેડૂતોને પંજાબ-હરિયાણાની શંભુ, ખનૌરી અને ડબવાલી બોર્ડર પર એકત્ર થવા કહ્યું છે. તેમણે કહ્યું કે દરેક મુદ્દા પર ચર્ચા થઈ. ખેડૂતોની માંગણીઓ પર સરકાર ગંભીર નથી. ખેડૂતો સંઘર્ષ નથી ઈચ્છતા પરંતુ સરકારના મનમાં ખોટ છે. તેઓ માત્ર સમય પસાર કરવા માંગે છે. અમને કંઈપણ આપવા માંગતા નથી. અમે તેમને MSP કાયદા અંગે જાહેરાત કરવા કહ્યું હતું. ખેડુતો સરકારના પ્રસ્તાવ પર વિચાર કરશે પરંતુ અમે આંદોલન પર મક્કમ છીએ. કેન્દ્રીય મંત્રી અર્જુન મુંડાએ કહ્યું કે દરેક વાતનો ઉકેલ વાતચીતથી થવો જોઈએ. કેટલાક મુદ્દાઓ છે કે જેના ઉકેલ માટે કમિટી બનાવવાની જરૂર છે. આંદોલન મામલે દિલ્હી, પંજાબ, હરિયાણા અને ચંદીગઢની તમામ સરહદો સીલ કરી દેવામાં આવી છે. દિલ્હીમાં કડક બેરિકેડિંગ કરવામાં આવ્યું છે. અને એક મહિના માટે કલમ ૧૪૪ પણ લાગુ કરવામાં આવી છે. અગાઉ, ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ, ખેડૂતોએ ત્રણ કૃષિ કાયદાઓના વિરોધમાં દિલ્હીની સરહદો પર આંદોલન શરૂ કર્યું હતું. આ આંદોલન લગભગ ૩૭૮ દિવસ સુધી ચાલ્યું. તે વખતે એવો દાવો કરવામાં આવ્યો હતો કે આ આંદોલનમાં ૭૦૦ ખેડૂતોના મોત થયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુ નાનક દેવના પ્રકાશ પર્વ પર ત્રણેય કાયદાઓ પાછા ખેંચવાની જાહેરાત કરી હતી.

**બ્રેકિંગ ન્યુઝ**

સુરક્ષાની સ્થિતીને ધ્યાનમાં રાખતા દિલ્હી સ્થિત લાલ કિલ્લાને મુલાકાતીઓ માટે બંધ કરવામાં આવ્યો- સમગ્ર વિસ્તારમાં બેરીકેડીંગ કરાયું

# સોનીયા ગાંધી રાજયસભાની ચુંટણી લડશે

નવી દિલ્હી તા. ૧૩

હાલમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં રાષ્ટ્રપતિના સંબોધન પરના આભાર પ્રસ્તાવની ચર્ચાનો જવાબ આપતા સમયે એવો સંકેત આપ્યો હતો કે અહીના કેટલાક સભ્યો હવે રાજયસભામાં દેખાશે અને તેમનો ઈશારો કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પુર્વ પ્રમુખ સોનિયા ગાંધી પર હતો તે વાસ્તવિકતા બની રહી છે.

હાલમાં રાયબરેલી લોકસભા બેઠકનું પ્રતિનિધિત્વ કરી રહેલા સોનિયા ગાંધી હવે આગામી ચુંટણી નહી લડે અને તેઓ રાજયસભામાં ચુંટાશે. રિપોર્ટ મુજબ સોનિયા ગાંધી રાજસ્થાન અથવા હિમાચલમાંથી રાજયસભામાં ચુંટાશે. આ બન્ને રાજયોમાં કોંગ્રેસ ૧-૧ બેઠક જીતી શકે તેમ છે અને તેમાં સોનિયા ગાંધી એક રાજય પર પસંદગી કરશે તો તેમની રાયબરેલી લોકસભા બેઠક પર પ્રિયંકા ગાંધી ચુંટણી લડી શકે છે.સતત પાંચ ટર્મથી લોકસભામાં ચુંટાતા ૭૭ વર્ષના સોનિયા ગાંધીને હવે સ્વાસ્થ્ય સાથ આપતુ નથી અને તેથી તેઓ હવે ચુંટણી નહી લડે તે નિશ્ચિત છે. રાજસ્થાન અને હિમાચલ બન્ને રાજયમાં પ્રદેશ કોંગ્રેસ તરફથી સોનિયા ગાંધીને ચુંટણી લડવા પ્રસ્તાવ મોકલાયો છે અને હવે આવતીકાલે સોનિયા ગાંધી તેમની ઉમેદવારી નોંધાવી શકે છે તો પ્રિયંકા ગાંધી તેમના રાજકીય જીવનની પ્રથમ ચુંટણી તેમના માતા જે બેઠકનું પ્રતિનિધિત્વ કરે છે તેના પર ચુંટણી લડવાથી કરશે.

## ૫૦ ટકા ભારતીયોને બિનજરૂરી મોબાઈલ ચેક કરવાની કુટેવ : રીપોર્ટ

નવી દિલ્હી તા. ૧૩

એક રિપોર્ટમાં સામે આવ્યું છે કે દર બેમાંથી એક (૫૦ ટકા) ભારતીય યુઝર્સ કોઈપણ કારણ વગર પોતાના સ્માર્ટ ફોનને ઓપરેટ કરવાનું શરૂ કરી દે છે. ગ્લોબલ મેનેજમેન્ટ કન્સલ્ટિંગ ફર્મ બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપ (બીસીજી) અનુસાર, એક સામાન્ય સ્માર્ટફોન યુઝર દિવસમાં ૭૦-૮૦ વખત ફોનને હાથ અડાડે છે. સેન્ટર ફોર કસ્ટમર ઈનસાઈટસ ઈન્ડિયાના લીડ કનિકા સાંધીએ જણાવ્યું હતું કે, અમારા સંશોધનમાં અમે નોંધ્યુ છે કે લગભગ ૫૦ ટકા યુઝર્સને જાણ જ નથી હોતી કે તેઓ શા માટે ફોનને અડી રહ્યા છે.

# ભારતની યુપીઆઈ સેવા વિશ્વ વ્યાપી બનશે

નવી દિલ્હી,તા.૧૩

ભારતની ‘યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) સેવાની શરૂઆત સોમવારથી શ્રીલંકા અને મોરેશિયસમાં પણ શરૂ થઈ છે. અહેવાલ અનુસાર દેશોમાં આંતરરાષ્ટ્રીય નંબરોથી યુપીઆઈનો ઉપયોગ કરી શકાય છે, જયારે બે દેશોમાં સેવા શરૂ કરવા માટે વાતચીત ચાલુ છે. યુપીઆઈ અન્ય ૭ દેશોમાં પણ ઝડપથી શરૂ થવાની આશા છે.

આ મહિને મુખ્ય યુરોપીય દેશ ફ્રાન્સના પેરિસમાં સ્થિત એફિલ ટાવર પર પણ યુપીઆઈ સેવાઓ શરૂ કરવામાં આવી છે. યુપીઆઈ એક મોબાઈલ એપ્લીકેશન આધારિત સિસ્ટમ છે. જેના કારણે હાલમાં ભારતમાં ડિઝીટલ પેમેન્ટની પહોંચ દુર દુરના ગામો સુધી થઈ છે.

લોકો નાની નાની ખરીદી પણ યુપીઆઈના માધ્યમથી કરી રહ્યા છે તેને ભારતના પેમેન્ટ નિયામક નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) એ તૈયાર કરી છે તે ત્વરીત પેમેન્ટ કરવાની સુવિધા આપે છે, જે આંખના પલકારામાં એક બેંક એકાઉન્ટથી બીજા બેંક એકાઉન્ટમાં કરવામાં આવે છે. આ મહિને ફ્રાન્સમાં યુપીઆઈની સેવાઓ શરૂ કરવામાં આવી હતી.

હવે જે દેશોમાં ટુંક સમયમાં યુપીઆઈ સેવા શરૂ થશે. તેમજ થાઈલેન્ડ, સાઉદી અરબ, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, બહેરીન, જાપાન અને ફિલિપાઈન્સમાં યુપીઆઈની ટુંક સમયમાં શરૂઆત થશે.

ઉલ્લેખનીય છે કે યુપીઆઈના વૈશ્વિક હોવાના સફરમાં એક મોટો પડાવ આંતરરાષ્ટ્રીય નંબરોથી એકસેસ થવું પણ છે.

રિપોર્ટ મુજબ લગભગ એક ડઝન દેશોમાં આંતરરાષ્ટ્રીય નંબરોથી યુપીઆઈને એકસેસ અને ઉપયોગ કરી શકાય છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં ૩૦ કરોડ યુપીઆઈ યુઝર્સ છે.

# દેશમાં આગામી પાંચ મહિનામાં ૪૨ લાખ લગ્નો થશે : રૂા.૫.૫૦ લાખ કરોડનો બિઝનેસ થશે

નવી દિલ્હી,તા.૧૩

દેશમાં ધામધૂમથી થતા લગ્ન પણ ઈકોનોમીનો એક ભાગ છે. જેનાથી લાખો-કરોડો લોકોને રોજગારી મળે છે. લગ્ન સાથે અનેક લોકોની રોજગારી અને વેપાર સંકળાયેલા છે. લગ્નના મહિનાઓમાં સતત થનારા લગ્નો અને તેની સાથે જોડાયેલી ઈકોનોમી પણ ચર્ચાનું કેન્દ્ર બને છે.

સીએઆઈટી (કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ટ્રેડર્સ) કેટે જણાવ્યું હતું કે વર્તમાન લગ્નની સીઝનમાં ૧૫ જુલાઈ સુધી લગભગ ૪૨ લાખ લગ્નો થશે. આથી ૫.૫૦ લાખ કરોડ રૂપિયાનો કારોબાર થવાનું અનુમાન છે.

૧૫ જાન્યુઆરીથી ૧૫ જુલાઈ સુધી ચાલનાર લગ્નની સીઝનમાં માત્ર દિલ્હીમાં જ ચાર લાખ વિવાહ થશે, જેમાં લગભગ ૧.૫૦ કરોડ રૂપિયાનું ખરીદ-વેચાણ થવાનુ અનુમાન છે. ગત વર્ષે ૧૪ ડિસેમ્બરે પુરી થયેલ સીઝનમાં લગભગ ૩૫ લાખ લગ્નો થયા હતા. આથી દેશભરમાં ૪.૨૫ લાખ કરોડ રૂપિયાનો કારોબાર થયો હતો.

કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેટ)ની સંશોધન શાખા કેટ રિસર્ચ એન્ડ ટ્રેડ ડેવલપમેન્ટ સોસાયટી અનુસાર ગત સીઝનની તુલનામાં આ વખતે લગભગ ૭ લાખ વધુ લગ્નો થશે. કારોબાર પણ લગભગ ૧.૨૫ લાખ કરોડ રૂપિયા વધુ થવાની આશા છે, આ આકલન દેશભરના વેપારીઓ અને સેવા આપનારાઓ સાથે વાતચીતના આધારે કરવામાં આવ્યું છે. ગત વર્ષની તુલનામાં આ વર્ષે ૧.૨૫ લાખથી વધુનો કારોબાર થઈ શકે છે. કેટના રાષ્ટ્રીય મહામંત્રી પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું હતું કે દેશભરના વેપારીઓની પુરી તૈયારી છે. ગ્રાહકોની પસંદના હિસાબે માંગને પુરી કરવા માટે પર્યાપ્ત સ્ટોક (પુરવઠો) છે. આભૂષણ, સાડી, લહેંગો, ચુંદડી, ફર્નીચર, કપડા, જૂતા, સૂકો મેવો, મિઠાઈ, ફળ, પુજા, વસ્ત્ર, કરિયાણુ, ઈલેકટ્રીક સામાન, ઈલેકટ્રોનીકસ અને વિભિન્ન ભેટો સહીતનાં ઉત્પાદનોની સૌથી વધુ માંગ છે.

લગ્નની સીઝનને લઈને બેન્કવેટ હોલ, હોટેલ, ઓપન લોન, સામુદાયિક કેન્દ્ર, જાહેર પાર્ક, ફાર્મ હાઉસ અને વિવાહ સ્થળોની પુરા દેશોમાં બુકીંગ થઈ ગઈ છે. ટેન્ટ સજાવટ, ક્રોકટી, કેટરીંગ સેવા, કેબ સેવા, ફોટોગ્રાફર-વિડીયો ગ્રાફર, બેન્ડ, ડીજે, બગ્ગી (વિકટોરિયા ગાડી), લાઈટ, ઢોલ સહિત અન્ય સુવિધાઓનું બુકીંગ પણ ઝડપથી થઈ રહ્યું છે.

આમ કોઈનો લગ્નપ્રસંગ અનેક લોકો માટે મોટુ રોજગારી અને વ્યાપારનું સાધન બન્યો છે જે દેશની ઈકોનોમી માટે મહત્વનું પરિબળ સાબીત થયું છે.




SHALBY ORTHOPEDICS
CENTRE OF EXCELLENCE
RAJKOT

નિ:શુલ્ક નિદાન કેમ્પ
18 ફેબ્રુઆરી 2024, રવિવાર
સવારે 10 થી બપોરે 2 વાગ્યા સુધી

શું તમને સતત ઘૂંટણમાં અને થાપામાં દુ:ખાવો છે?
શું તમને ફક્ત ઘૂંટણની અંદર ના ભાગ માં અથવા એક જ ભાગ માં દુ:ખાવો થાય છે?
શું તમને પગથીયા ચડવા-ઉતારવામાં તકલીફ થાય છે?
તેને અવગણશો નહીં! સલાહ લો...
TUKSplasty , Hip રિપ્લેસમેન્ટ, Knee રિપ્લેસમેન્ટ

ટૂંક સમય માં રાજકોટ માં પ્રારંભ
શેલ્બી ઓર્થોપેડિક્સ
સેન્ટર ઓફ એક્સિલન્સ (SOCE)
(*સૌજન્ય - આઈ. સી. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ)

કેમ્પ માં ઉપસ્થિત શેલ્બી હોસ્પિટલ અમદાવાદ ના ડોક્ટર્સ ની ટીમ
ડૉ. આશિષ શેઠ
સિનિયર જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
20000 + જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી નો અનુભવ
ડૉ. રવિ ઢોલરીયા
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ફિઝિયોથેરાપિસ્ટ : ડૉ. મિરલ પટેલ, ડૉ. બ્રિન્ઝા પટેલ, ડૉ. મીશા જસાણી

શેલ્બી ઓર્થોપેડિક્સ સેન્ટર ઓફ એક્સિલન્સ,
પ્લોટ નંબર 66, શિવમ પાર્ક, માધાપર ચોક, સર્વિસ રોડ, રાજકોટ - 360006
63579 58977
63573 95001

સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક
૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં
સી.સી. પડદાવાળા
18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫


દાણાપીઠમાં મકાન વેચવાનું છે
વેપારીઓ માટે ગોડાઉન લાયક જૂનાગઢનાં દાણાપીઠ વિસ્તારમાં વાદી ખડકીમાં જુનું મકાન આશરે ૫૦ વાર અને મોરો ૨૦ ફુટ
(કિંમત રૂા.૧૫ લાખ)
મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

ENGINE CARBON CLEANING
98256 48301
VARDHMAN MOTORS
More Power
More Milage
Double Engine Life
એન્જીન કાર્બન કલીનીંગ નાં ફાયદા
○ એન્જીનની લાઈફ વધે-ગાડીનું પીક-અપ વધે.
○ એન્જીન ઓઈલની લાઈફ વધે.
ગાડીની માઈલેજ વધે-પાવર અને પરફોર્મન્સ વધે.
○ એન્જીનનો અવાજ અને વાઈબ્રેશન ઘટે.
○ ગાડીમાંથી નીકળતા હાઈડ્રોકાર્બન, કાર્બન મોનોકસાઈડ અને નોકસનું પ્રમાણ ઘટે.
○ ગાડીની વોરંટીને કોઈ અસર થતી નથી.
○ ગાડીની મેઈન્ટેનન્સ કોસ્ટ ઘટે.
○ ઈકોફ્રેન્ડલી કેમીકલ ફ્રી સર્વિસ.
પંચેશ્વર રોડ, આયુર્વેદીક હોસ્પીટલ સામે, જૂનાગઢ.

VARDHMAN MOTORS
સૌ-પ્રથમ આવીગયુ છે.
જર્મન ટેકનોલોજીનું કાર્બન કલીનીગ મશીન....
☞ ૬ વ્હીલર ગાડી માટે
☞ ૧૦૦ સીસી થી લઈને ૧૦,૦૦૦ સીસી, સુધીની ગાડી માટે.
☞ શું તમારી ગાડી પણ દબાય છે???
☞ શું તમારી ગાડી પુરતી એવરેજ નથી આપતી ???
☞ માત્ર ૧૫ થી ૩૫ મીનીટમાં કરાવો તમારા વ્હીકલને કલીન.
તો આજેજ કરાવો તમારા કારની કાર્બન કલીનીગ
...વધુ માહિતી માટે સંપર્ક કરો...
98256 48301

# આજે વિશ્વ રેડિયો દિવસ : સોમનાથ -વેરાવળનાં અનોખા રેડિયો ચાહક





(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૩

આજ સમગ્ર દેશ વિશ્વ વિશ્વ રેડિયો દિવસ. ઉજવી રહ્યો છે. એ જાણવું રસપ્રદ થશે કે વેરાવળના ૬૦ ફુટ રોડ ઉપર યોગેશ્વર સોસાયટીમાં રહેતા માલદે દાસા મેર અજબ ગજબના રેડિયો ચાહક છે. જેમની પાસે ૧૫૦ થી પણ વધારે દેશ વિદેશના. રેડિયો છે. બધા રેડિયો ચાલુ અવસ્થામાં છે. બાળપણથી તેમને રેડિયો સાંભળવાનો અને સંગ્રહ કરવાનો શોખ છે. તેમના સંગ્રહમાં શાર્પ, ઝેનિથ, નેશનલ પાનાસોનીક, ફિલિપ્સ, મેરફી, ગ્રેડિંગ જર્મની વગેરે અનેક કંપનીઓના અને વિવિધ દેશના રેડિયો છે. તેમણે પોતાની મોબાઈલ રિંગટોન પણ આકાશવાણીની રેડિયો ટ્યૂન રાખી છે. માલદેભાઈએ સાથીદારોનો સહકાર લઈ વેરાવલમાં. Fm રેડિયો. સ્ટેશન બને તે માટે ૫૦૦૦ પોસ્ટકાર્ડ મોકલીને ઝુંબેશ ચલાવી હતી અને જેના પરિપાક રૂપે તેમજ તંત્રના સહકારથી આજે વેરાવળમાં fm સ્ટેશન છે. વેરાવળના માલદે ભાઈએ દેશ વિદેશનાં સ્ટેશનો સાંભળી શકાય તે માટે અગાસીમાં ખાસ ખરચો કરી. એન્ટના પણ. લગાવ્યું છે. વેરાવળ વિદ્યુત નગર સોસાયટીમાં રહેતા દિનેશ વૈદ્ય કહે છે, મારાં ઘરમાં. ટીવી. છે. પણ જ્યાં સુધી રેડિયો ન સાંભળું ત્યાં સુધી મને ચેન જ ન પડે મારી પાસે જુના ૨ રેડિયો પણ છે.

# કેશોદમાં લોહાણા ક્રાંતિ સેના દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યું



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૨

કેશોદ ખાતે વેરાવળ રોડ પર આવેલ પીવીએમ ઈન્ટરનેશનલ સ્કુલના મેદાનમાં લોહાણા ક્રાંતિ સેના દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું. કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી. સી. ઠક્કર ઉપરાંત જ્ઞાતિના આગેવાનોની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય કરી ટુર્નામેન્ટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. માનવજીવનમાં રમતગમતએ દોડધામની જીદંગી તણાવમુક્ત બનવા માટેનો ઉત્તમોત્તમ ઉકેલ હોવાની સાથે માનવીમાં ખેલદિલી પેદા થાય છે જેથી જ આજના ડીજીટલ યુગમાં પણ રમતગમતને મહત્વ આપવામાં આવે છે. કેશોદ લોહાણા ક્રાંતિ સેના આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટનો પણ મુખ્ય ઉદેશ્ય લોહાણા સમાજના યુવાનો ખેલરસીકોમા એકતાનો સંચાર થાય અને રમતગમત ક્ષેત્રમાં લોહાણા જ્ઞાતિ તરફથી નવું પ્લેટફોર્મ આપી પ્રોત્સાહિત કરવાનો હોય છ જેટલી ટીમો ઉત્સાહભેર જોડાઈને પોતાની અંદર છુપાયેલ કૌશલ્ય જ્ઞાતિ સમાજને બતાવ્યું હતું. કેશોદ લોહાણા ક્રાંતિ સેના આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટના ટ્રોફીના સૌજન્ય ડૉ. અજય સાંગાણી. સાંગાણી હોસ્પિટલ, સ્ટેજ ગેઈટના સૌજન્ય ભાવેશભાઈ ચંદુભાઈ ખોડા. આકાશ રેડીમેઈડ અને નાસ્તાના સૌજન્ય ડૉ સ્નેહલ તન્ના અને શ્યામ સિરોદરીયા રહ્યાં હતાં. કેશોદ લોહાણા ક્રાંતિ સેના આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટના સમાપન કાર્યક્રમમા નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા, પાર્થ કોટેચા પ્રમુખ જુનાગઢ જીલ્લા ક્રિકેટ એસોસિયેશન અને ઓમ કાનાબાર ઈન્ડિયા અંડર ૧૯ ક્રિકેટ પ્લેયર ખાસ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. કેશોદ લોહાણા ક્રાંતિ સેના આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ખેલાડીઓને બિરદાવતા આયોજકો દ્વારા કરવામાં આવેલ આયોજનને મંચસ્થ મહાનુભાવોએ એકતા અને ભાઈચારાનો સંદેશો આપતો ગણાવ્યું હતું. કેશોદ ખાતે લોહાણા ક્રાંતિ સેનાની રચના કરવામાં આવ્યાં બાદ રચનાત્મક ધાર્મિક સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે અને જ્ઞાતિજનો તરફથી ઉત્સાહભેર સહકાર મળી રહ્યો છે.

# વેરાવળમાં પ્રજ્ઞાચક્ષુ બહેનોએ અવનવી વાનગી બનાવેલ જેનો ટેસ્ટ કરી લોકોએ બિરદાવી

**પ્રજ્ઞાચક્ષુ બહેનોએ આડદિયા, પાઉંભાજી, મંચુરિયન, ઓળા, રોટલા, ભજીયા, ભેળ જેવી સ્વાદિષ્ટ વાનગીઓ લાઈવ બનાવી પીરસી**



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૩

વેરાવળ ખાતે પ્રજ્ઞાચક્ષુ બહેનોનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. જેમા ખાસ પ્રજ્ઞાચક્ષુ બહેનોનો ઓપન ગુજરાત સ્વાદ ઉત્સવ ઉજવાયો હતો. અંધ સર્વોદય મંડળ દ્વારા વેરાવળ ચોપાટી ખાતે પ્રથમવાર યોજાયેલ અનોખો કાર્યક્રમ પ્રદેશ ભાજપ મંત્રી ઝવેરીભાઈ ઠકરારના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.જેમાં બાર જેટલા સ્ટોલોમાં પ્રજ્ઞાચક્ષુ બહેનોએ વિવિધ વાનગીઓ આડદિયા, પાવભાજી, મંચુરિયન, ઓળા, રોટલા, ભજીયા, ભેળ જેવી સ્વાદિષ્ટ વાનગીઓ સ્થળ પર લાઈવ બનાવી આમંત્રિત તેમજ મુલાકાતિઓને ટેસ્ટ કરાવેલ જેને સર્વેએ બિરદાવી હતી.

આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય કરી સંસ્થાનો પરિચય આપતાં મંત્રી ભીખુભાઈ સિસોદિયા જણાવેલ કે અંધ સર્વોદય મંડળ ૭૨ વર્ષ જૂની સંસ્થા દ્વારા વેરાવળમાં છેલ્લા ૨ વર્ષે થી અંધ અપંગ કલ્યાણ કેન્દ્ર કે જે પ્રજ્ઞાચક્ષુ તેમજ વિકલાંગ ભાઈઓ બહેનોને રહેવા જમવા સાથે શિક્ષણ, કોમ્પ્યુટર તેમજ વ્યવસાયિક પ્રવૃત્તિઓ નિશુલ્પણે ચલાવે છે. સંસ્થા દ્વારા દાતાઓના સહકારથી ઓપન ગુજરાત સ્વાદ ઉત્સવ ૨૦૨૪ નું આયોજન વેરાવળના યજમાનપદે યોજાયું હોય જેમાં શહેરના રાજકીય, સામાજિક, શૈક્ષણિક આગેવાનો, વિવિધ સંસ્થાઓના હોદેદારો સરકારી કર્મચારીઓ, દાતાઓએ અનોખા સ્વાદ ઉત્સવને નિહાળી દીકરીઓને પ્રોત્સાહિત કરેલ ત્યારે ડારી ટોલનાકા પાસે આવેલ નિરધારનો આધાર સંસ્થાના જનકભાઈ પારેખ પ્રભુજીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિક્રમભાઈ તન્ના, નગરસેવકો નિલેશભાઈ વિઠલાણી, બાદલ હુંબલ, દક્ષાબેન ચોલેરા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ જયારે સંચાલન સંસ્થાના ટ્રસ્ટી અનિષ રાચ્છ , મકવાણા સાહેબ દ્વારા કરાયું હતું સફળ બનાવવા અંધ અપંગ કલ્યાણ કેન્દ્ર સંસ્થાના હોદેદારો વિદ્યાર્થી ભાઈ બહેનો તેમજ મહિલા કોલેજ ના સ્વયંસેવકોએ સેવા પૂરી પાડી હતી.

# દ્વારકાની શ્રી શારદાપીઠ કોલેજ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજનાની વાર્ષિક શિબીર યોજાઈ





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૩

શ્રી શારદાપીઠ કોલેજ દ્વારકામાં રાષ્ટ્રીય સેવા યોજનાની વાર્ષિક શિબિરનું ઉદ્ઘાટન વરવાળા ગામમાં ભાટિયા ધર્મશાળામાં કરવામાં આવ્યું આ ઉદઘાટન સમારોહમાં ડૉ.કુલદીપભાઈ પુરોહિત સરપંચ હબુભા માણેક ઉપસરપંચ વિપુલભાઈ કંસારા,અશ્વિનભાઈ ગોકાણી, હિંડોચા સાહેબ, આશ્રમશાળાનાં આચાર્ય કિરીટભાઈ, મંગલિયા સાહેબ,નરોત્તમભાઈ કોલેજના આચાર્ય ડૉ.સંદીપભાઈ વાઢેર, પ્રા.રામનીબેન ડૉ.વિપુલાબેન, ડૉ.ધવલભાઈ રાણા, વ્યોમેશભાઈ રાઠોડ, હિતેશભાઈ ગૌસ્વામી પ્રા.શાળાની બાળાઓ અને વિદ્યાર્થીઓની હાજરીમાં કાર્યકર્મનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ.જગદીશભાઈ ટાકોદરાએ કર્યું એન.એસ.એસ.ની માહિતી પ્રોગ્રામ ઓફિસર ડૉ. હર્ષાબેન એ.વાળાએ આપેલું અને આભાર દર્શન ડૉ.કાજલબેન પટેલે કર્યું.

# ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વ્યાખ્યાન માળા યોજાઈ







અમદાવાદ તા.૧૩

ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ) અને ગુજરાતીનો અધ્યાપક સંઘના સંયુક્ત ઉપક્રમે તા-૮-૨-૨૦૨૪ના વિદ્યા વિસ્તાર વ્યાખ્યાન માળાનો કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં અમદાવાદની નામાંકિત કોલેજોના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ સક્રિય ભાગ લીધો હતો. ઉમિયા કોલેજના પ્રો.ડો અજય રાવલ દ્વારા રાવજી પટેલની અશ્રુઘર નવલકથાને ધ્યાનમાં રાખી વ્યાખ્યાન આપ્યુ હતું જયારે ગુજરાત વિદ્યાપીઠના પ્રો.ડો.સંજય મકવાણાએ જયંતિ દલાલના પ્રતિનિધિ એકાંકી પર મનનીય વ્યાખ્યાન આપેલ ડો અરુણ પરમાર દ્વારા સાહિત્ય વિવેચનના સિધ્ધાંતો પર નોંધનીય વક્તવ્ય રજૂ થયું સમગ્ર કાર્યક્રમ કોલેજના પ્રિન્સિપાલ ડો હિમ્મત ભાલોડીયા અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો ચેતન ત્રિવેદીના માર્ગદર્શનમાં યોજાયો કોલેજની વિદ્યાર્થીની વિશ્વા અને નિરાલીએ કાર્યક્રમનું સંચાલન કરેલ ઈ.ચા.પ્રિ.પ્રો.બી.કે.વાઘેલા તથા અધ્યાપકોએ કાર્યક્રમની શુભેચ્છા વ્યક્ત કરી હતી.

એન.એસ.એસ. પ્રોગામ ઓફિસર્સ ડો સંદીપ સાંચલા અને તેના સ્વયં સેવકોએ સરાહનીય સેવા આપેલ કાર્યક્રમના સંયોજક ડો ફરહાનાબાનું દિવાને કાર્યક્રમની ભૂમિકા તથા સંઘના પ્રમુખ દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવેલ. મંત્રી ડો વર્ષાબેન પ્રજાપતિએ સંઘના કાર્ય અને ઈતિહાસનું સ્મરણ કરેલ સમગ્ર કાર્યક્રમ કોલેજના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

# ઉના : સીનીયર સીટીઝન એથલેટિક્સ સ્પર્ધા યોજાઈ

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૩

તાજેતર માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર ની જીલ્લા રમત ગમત પ્રશિક્ષણ કેન્દ્ર ગીર સોમનાથ જિલ્લા દ્વારા જિલ્લા કક્ષાની સીનિયર સિટીઝન એથલેટિકસ સ્પર્ધા ૨૦૨૪ યોજાઈ હતી જેમાં યોગાસન સ્પર્ધા મા ઊના ના સુરેશ ભાઈ દેવશંકર જોશી (પ્રથમ), બરછી ફેક સ્પર્ધા મા સોલંકી કિશોરભાઈ બી.(પ્રથમ) ચક્ર ફેંક સ્પર્ધા માં (બીજા ક્રમે) , ગોળા ફેંક સ્પર્ધા મા (ત્રીજા ક્રમે) વિજેતા થયા હતા અને બરછી ફેંક સ્પર્ધા માં નંદ કુમાર વી. જાની ત્રીજા ક્રમે વિજેતા થઈને ઊના તાલુકાનું ગૌરવ વધારેલ છે.

બિલખામાં રાવતેશ્વર ધર્માલય ખાતે

# ૧૩ અખાડાના સાધુ-સંતો માટે પુ. ગોપાલાનંદ બાપુની સ્મૃતિમાં રહેવા-જમવાની વ્યવસ્થા કરતા પુ. મુકતાનંદ બાપુ





(પ્રતિનિધિ દ્વારા)

બિલખા તા.૧૩

બિલખાના રાવતેશ્વર ધર્માલય ખાતે સાધુ સમાજના પ્રમુખ અને ગિરનાર મંડળના અધ્યક્ષ તરીકે વર્ષો સુધી પુ. ગોપાલાનંદજી બાપુએ જવાબદારી સંભાળેલ અને સાધુ-સંતોની સેવામાં પોતાનું આખું જીવન વ્યથિત કરેલ ત્યારે તેમની સ્મૃતિમાં તેને સાચી શ્રધ્ધાંજલી આપવા પુ. મુકતાનંદબાપુએ એક નિર્ણય જાહેર કર્યો છે. જેમાં પુ. ગોપાલાનંદ બાપુનું શરીર શાંત થયું ત્યારથી બંને ટાઈમ અન્નક્ષેત્ર શરૂ કરાયું છે તે વધારીને ત્રણ ટાઈમ કર્યુ છે. ઉપરાંત પુ. સંપુર્ણાનંદબાપુ સાથે વિચાર વિર્મશ કરી બિલખાના રાવતેશ્વર ધર્માલય ખાતે દેશભરના તેર અખાડાના વૃધ્ધ સાધુઓને રહેવા-જમવાની, કપડા સહિત સારસંભાળની જવાબદારી લેવા પુ. મુકતાનંદ બાપુએ જાહેરાત કરી છે. જે બધા ખડ દર્શન સાધુને લાગુ પડશે. પુ. મુકતાનંદબાપુ દ્વારા ચાંપરડા પેથાપર મેંદરડા સહિતના ગામોમાં વૃધ્ધાશ્રમમાં ૪૧૦ વૃધ્ધોની સારસંભાળ લેવામાં આવી રહી છે. ત્યારે વૃધ્ધ સંતોની વ્હારે પુ. બાપુ આવ્યા છે.

# ઉના : ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરી ઓળવી જવા અંગે ફરીયાદ

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૩

ઉના શહેર મા રહેતા અને ઘડિયાળ ની દુકાન ધરાવતા વેપારી યાસીન ભાઈ જહાંગીર ભાઈ ખોજ દાદા(ઉ.વ.૪૪) રે. ઉના ગત તારીખ ૨૦-૧૧-૨૩ના દુકાને હતા ત્યારે તેમના મોબાઈલ ફોન મા અજાણ્યા નંબર ઉપર થી ફોન આવેલ અને પોતાને હિન્દી ભાષા માં આર્મી મેન તરીકે ઓળખ આપી આર્મી કેમ્પ માંથી બોલું છું મારે એક વ્યક્તિ ને રૂપિયા આપવાના છે. હું તમારા સિવાય કોઈ ને ઓળખતો નથી. તમારા ખાતા માં રકમ ટ્રાન્સફર જમાં કરી દઉ તેમ કહી વિશ્વાસ માં લીધો હતો. ત્યારે વેપારી ને એમ લાગેલ કે દીવ મા આર્મી કેમ્પ છે. કદાચ ત્યાંથી આર્મી મેન બોલતો હશે અજાણ્યા વ્યક્તિ એ વેપારી ના બેક્ર ખાતા ની ફોન પે. દવારા વિગતો મેળવી પ્રથમ વખત રૂપિયા ૨૫૦૦૦ અને બીજી વાર રૂપિયા ૨૨૦૦૦/ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા અને બેક્ર માંથી નાણાં ઉપાડવાનો મેસેજ મોબાઈલ મા આવતા વેપારી ચોકી ગયો હતો અને બેક્ર શાખા માં જઈ પોતાનું ખાતું ચેક કરતા આ રકમ ફેડરલ બેક્ર મા ટ્રાન્સફર થઈની માહિતી મળતાં તેમણે લેખિત માં પુરાવા સાથે જૂનાગઢ રેન્જ સાયબર સેલ માં ફરિયાદ કરી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૯ માર્ચે લોક અદાલતનું આયોજન

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૩

નામદાર ગુજરાત હાઈકોર્ટની અનુશ્રામાં કામ કરતી બોડી ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન મુજબ આગામી તારીખ ૯ માર્ચના જાહેર રજાના દિવસે સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ અદાલતોમાં આ વર્ષની પ્રથમ રાષ્ટ્રીય લોક અદાલત તેમજ સ્પેશીયલ મેજીસ્ટ્રેયીલ સીટીંગનુ આયોજન કરવામાં આવ્યું છે. અદાલતમાં ચાલતા હોય તેવા તમામ સમાધાન લાયક સિવિલ તથા ફોજદારી કેસો લગ્ન વિષયક તકરારો, મોટર અકસ્માત વળતર કેસ, દિવાની કેસ, કામદાર વળતર કેસ, મોબાઈલ કંપની સાથેના વિવાદ, ફોજદારી સમાધાન પાત્ર ગુન્હાઓના કેસ, જમીન સંપાદન વળતર કેસ, બેક્ર રીકવરી કેસ, પેન્શન કેસ, ગ્રાહક સેવા, તકરારની બાબતો, વીજ કંપનીના કેસ જેવા તમામ કેસો મુકવામાં આવનાર છે. આ ઉપરાંત એવા કેસો કે જે હજુ સુધી અદાલતમાં આવેલ નથી તેવા પ્રિ-લીટીગેશન કેસો, જેમાં પબ્લીક યુટીલીટી સર્વિસીસ સાથે સંકળાયેલા કેસો, વીજ તથા પાણીના બાકી લેણાંનાં કેસો, ટ્રાફિક ચલણના કેસો, નેગોશીએબલ ઈસ્ટ્રૂમેન્ટ એકટની કલમ ૧૩૭ ના કેસો, બેંક રીકવરી કેસો, લેબર ડીસ્પ્યુટસના કેસો વિગેરે કેસો માટે પ્રિ-લીટીગેશન અદાલતનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ લોક અદાલત પૂર્વે લીટીગેશન તથા પ્રિ-લીટીગેશન કેસો માટે પ્રિ-કાઉન્સીલીંગ તથા પ્રિ-સિટિંગ યોજવામાં આવેલ છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા જુદા-જુદા સ્ટેક હોલ્ડરો જેવા કે, વકીલો, સરકારી વકીલો, પોલીસ અધિકારીઓ, કલેકટર તથા રેવન્યુ ખાતાના અધિકારીઓ, બેંક તથા ફાયનાન્સીયલ ઈન્સ્ટીટયુટના અધિકારીઓ તથા સંસ્થાઓના હોદેદારો સાથે સદર લોક અદાલત તથા સ્પેશીયલ મેજીસ્ટ્રેયીલ સીટીંગના સંદર્ભમાં પીરીયોડીકલી મીટીંગો યોજી, પરીણામલક્ષી આયોજન કરવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલી જુદી-જુદી અદાલતો દ્વારા પેન્ડિંગ તથા પ્રિ-લીટીગેશન મળીને કુલ બે હજારથી વધુ કેસો ફાઈન્ડ આઉટ કરીને મુકવામાં આવ્યા છે. દેવભૂમિ દ્વારકામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી જિલ્લા પોલીસ દ્વારા જિલ્લાના જુદા જુદા સ્થળો પર કેમેરા લગાવી ટ્રાફિકનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકોને ઈ-ચલણ ઈસ્યૂ કરવામાં આવ્યા છે. જે ન ભર્યું હોય તેવા કુલ ૧૪૫૬ વાહન ચાલકો વિરૂદ્ધ ઈ-ચલણની પ્રિ-લીટીગેશન નોટિસ દેવભૂમિ દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ઈસ્યૂ કરવામાં આવેલ છે. જેથી આવા વાહન ચાલકો જો કોર્ટની કાર્યવાહીથી બચવા માંગતા હોય, તો તાત્કાલિક ખંભાળિયા ખાતે આવેલા "નેત્રમ" કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર અથવા જિલ્લાની નજીકની ટ્રાફિક શાખા કે તા. ૯ ના રોજ આયોજિત નેશનલ લોક અદાલતના દિવસે રૂબરૂ ભરી શકાશે. લોકો પોતાનો કેસ લોક અદાલતના માધ્યમ થકી ખુબ જ ઝડપથી પુરો કરાવવા ખંભાળિયામાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા અદાલતનો કે જે-તે વિસ્તારમાં આવેલી અદાલતનો સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી એસ.વી. વ્યાસ દ્વારા અપીલ કરવામાં આવી છે. આ અંગેની વધુ માહિતી માટે જિલ્લા સ્તરે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, ખંભાળિયા (ફોન ૦૨૮૩૩-૨૩૩૭૭૫) તથા તાલુકા સ્તરે તાલુકા કાનૂની સેવા સમિતિ, તાલુકા અદાલત - ખંભાળિયા, ભાણવડ, કલ્યાણપુર, દ્વારકા, ઓખા તથા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ અથવા ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. લોક અદાલતના માધ્યમ થકી પ્રશ્નોનું સોહાર્દના માધ્યમ થકી કાયમી રીતે નીવારણ લાવવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન એસ.વી. વ્યાસ દ્વારા અનુરોધ કરાયો છે.

# સત્યમ સેવા યુવક મંડળ તેમજ અંધ કન્યા છાત્રાલય ખાતે સ્તન કેન્સર ચેકઅપ કેમ્પ યોજાયો





જૂનાગઢ, તા.૧૩

અંધ કન્યા છાત્રના હોલમાં સત્યમ સેવા યુવક મંડળ અને પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તા.૧૧ના રોજ આશીર્વાદ ફાઉન્ડેશનના માધ્યમથી સ્તન કેન્સર ચેકઅપ કેમ્પ અંધ કન્યા છાત્રાલયમાં યોજવામાં આવ્યો હતો જેમાં અંધ બહેનો અને અન્ય નોર્મલ બહેનો મળી ૫૦ બહેનોની હાજરી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના કાયમી દાતા નિવૃત આરએફઓ બાબુભાઈ લાઠીયા તેમજ ડો.રાદડીયા વર્ષાબેન તેમજ આશીર્વાદ ફાઉન્ડેશનના કો ઓર્ડીનેટર અર્ચનાબેન સોમાણી ઉપસ્થિત રહ્યા હતા તેમજ સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજાએ જણાવ્યું હતું કે, અત્યારે કેમિકલ વાળા ખોરાકો ભવિષ્યની પેઢીને ગંભીર રોગોથી ખુબ જ દુ:ખી કરે છે અને તેમની આર્થિક કફોડી સ્થિતિ પણ સર્જાય છે. અત્યારના પરીવાર આવી ગંભીર પરિસ્થિતિમાં સપડાઈ જવાથી આવા કેન્સર જેવા રોગોથી કયારેક જીવ ગુમાવી બેસે છે અને પરીવાર મુશ્કેલીમાં મુકાઈ જાય છે. આવી સ્થિતિમાં જરૂરીયાતમંદ બહેનોને અગાઉથી સાવચેતી રાખવા માટે સંસ્થા દ્વારા આવા કેમ્પનું હંમેશ આયોજન કરવામાં આવે છે અને બોડા પ્રમાણમાં આવા કેમ્પનો લાભ લઈ બધાનું આરોગ્ય જળવાઈ રહે એવી અપેક્ષા રાખેલ હતી તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, મેનેજીંગ ટ્રસ્ટી મુકેશગીરી એસ. મેઘનાથી, ટ્રસ્ટી શાંતાબેન બોસ, કમલેશભાઈ પંડયા, અલ્પેશભાઈ પરમાર, પ્રવિણભાઈ જોષી, મનોજભાઈ સાવલિયા, કમલેશભાઈ ટાંક તેમજ અંધ કન્યા છાત્રાલયની લાભાર્થી દિકરીઓ ઉપસ્થિત રહી હતી.

# જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા વોર્ડ નં.૫ અંબાજી મંદિર ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

### સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભનું વિતરણ









જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા જન હિતલક્ષી યોજનાઓના લાભથી એક પણ વ્યક્તિ વંચિત ન રહે તે માટે જન જાગૃતિ કેળવવા વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ આજ રોજ તા:૧૨/૦૨/૨૦૨૪ સાંજે ૦૪:૦૦ કલાકે અંબે મંદિર,સુરભી પાન પાસે ઝાંઝરડા રોડ ખાતે યોજાયો.

રથનું સ્વાગત નાની બાળાઓ અને ઉપસ્થિત મહાનુભવો દ્વારા કુમ કુમ તિલકથી કરવામાં આવ્યું તેમજ ઉપસ્થિત મહાનુભવોનું પ્રાથમિક શાળાની બાળાઓ દ્વારા કુમ કુંમ તિલક કરી સ્વાગત તેમજ દીપ પ્રાગટ્ય કરી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો. તેમજ મિલેટ્સ દ્વારા મહાનુભવોનું અભિવાદન કરવામાં આવ્યું.તેમજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સર્વાંગી વિકાસની ઝાંખી રજૂ કરતી ફિલ્મ નિહાળવામાં આવી હતી.ત્યાર બાદ સરકારી શાળાની બાળાઓ દ્વારા નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું.

સ્ટેજ ઉપરથી સરકારની પી.એમ.સ્વનિધિ. ઉજ્જ્વલા, પી.એમ.વિશ્વકર્મા, પી.એમ.ઉજ્જવલા, પી.એમ.મુદ્રાલોન,સ્ટાર્ટઅપ ઇન્ડિયા-સ્ટેન્ડઅપ ઈન્ડિયા,પી.એમ. આવાસ યોજના (અર્બન), આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના વગેરેના લાભ પ્રતિકૃતિ રૂપે આપવામાં આવ્યા.ત્યાર બાદ મેરી કહાની મેરી ઝુબાની અંતર્ગત વિવિધ યોજનાઓના લાભ લેનાર લાભાર્થીઓ દ્વારા તેમની ભાવનાઓને શબ્દોરૂપે રજુ કરી હતી.

ત્યાર બાદ ઉપસ્થિત મહાનુભવો દ્વારા સરકારની યોજનાઓના સ્ટોલની મુલાકાત લેવામાં આવી.આ તકે કોર્પોરેટર રાકેશભાઈ ધુલેશિયા, સેક્રેટરી કલ્પેશ.જી.ટોલિયા,વ્યવસાય વેરા અધિકારી રાજુભાઈ મહેતા,શહેર મંત્રીશ્રી લીલાભાઈ પરમાર,વોર્ડ અગ્રણી રામભાઈ પરસંગીયા,વોર્ડ પ્રભારીશ્રી રાજસિંહભાઈ ઓડેદરા, અંબાજી મંદિર પુજારી અરવિંદભાઈ,વોર્ડ ઈજનેર ગૌતમભાઈ બાંભરોલીયા, અધિકારીઓ/ કર્મચારીશ્રીઓ અને શહેરીજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# માંગરોળમાં ૧૮ મહિનાની સફળ કામગીરી બદલ પીએસઆઈ એસ.એ.સોલંકી મેડમનું સન્માન કરાયું






(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૧૩

માંગરોળ પોલીસ સ્ટેશન પીએસઆઈ એસ.એ.સોલંકીને ૧૮ મહિના પહેલા ૨૭ સપ્ટે. ૨૦૨૨ ના દિવસે માંગરોળ ટાઉન પોલીસ સ્ટેશનમાં નિમણૂંક મળી હતી. માંગરોળ પોલીસ સ્ટાફ દ્વારા મોમેન્ટ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ વરિષ્ઠ આગેવાનો અને સંસ્થાઓ દ્વારા પણ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. માંગરોળ પોલીસ સ્ટેશનમાં નવનિયુંકત પીએસઆઈ આર.એસ.ડામોરનું પીસએસાઈ પરમાર સાહેબ દ્વારા પુષ્પગુચ્છ આપી સન્માન કરી આવકાર્યા હતા. હાલમાં થોડા દિવસો પહેલા આ મહિલા અધિકારીની જૂનાગઢ એસઓજીમાં નિમણુંક થઈ છે ત્યારે માંગરોળના અગ્રણીઓની હાજરીમાં વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. હિન્દુ-મુસ્લિમ સમાજના અગ્રણીઓ દ્વારા તેમની ઉમદા કામગીરી બદલ પ્રસંશા અને સન્માન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમમાં તમામ સ્ટાફ દ્વારા પણ પ્રસંશનીય કામગીરી બદલ આ મહિલા પીએસઆઈ શીતલ સોલંકી મેડમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ આ પ્રસંગે માંગરોળ શહેરના આગેવાન શહેરીજનો મોટી સંખ્યામાં આગેવાનો હાજર રહ્યા હતા.

# વેલેન્ટાઈન ડે ઉપર દિલ આપવાની વાત તો સૌ કોઈ કરે પરંતુ સાચે જ પોતાની કિડની પોતાના પતિને શાલીનીબેન જેવા કોઈ પત્ની જ આપી શકે




રાજકોટ, તા.૧૩

આ વાત છે રાજકોટના કૃષ્ણકુમાર સિંગલ અને તેમના પત્ની શ્રીમતી શાલીનીબેન સિંગલની. કૃષ્ણકુમારભાઈને ૨૦૧૬ થી કિડનીમાં તકલીફ હતી અને ૨૦૨૧ થી ડાયાલિસિસ કરાવતા હતા. પતિની આ પીડા, પત્ની દ્વારા ન જોઈ શકાય અને તેને પોતે પોતાની કિડની પતિને આપવા માટે મનોમન નક્કી કર્યું. ત્યારબાદ તેમણે બી. ટી. સવાણી કિડની હોસ્પિટલના નેફ્રોલોજીસ્ટ ડો. પ્રફુલ ગજ્જર નો સંપર્ક કરી અને કિડની ટ્રાન્સપ્લાન્ટ ની બધી માહિતી મેળવી અને પોતે પોતાની એક કિડની પોતાના પતિને આપવા માટે મક્કમ નિર્ણય કર્યો.

સૌરષ્ટ્ર અને કચ્છ વિસ્તારની પ્રથમ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત કિડની ટ્રાન્સપ્લાન્ટ માન્યતા પ્રાપ્ત હોસ્પિટલમાં કૃષ્ણકુમાર સિંગલ, ૪૯ વર્ષીયનું કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું અને તેમને નવજીવન મળ્યું. બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ, ટ્રાન્સપ્લાન્ટ નેફ્રોલોજીસ્ટ ડૉ. પ્રફુલ ગજ્જર અને ડો.દિવ્યેશ વિરોજા અને યુરોલોજી ટીમના ડો.પંકજ ઢોલરિયા, ડો.અમીષ મહેતા, ડો. સુનિલ મોટેરિયા, ડો.જીતેન્દ્ર અમલાણી, ડો.વિવેક જોષી, દ્વારા કિડની ટ્રાન્સપ્લાન્ટની સર્જરી સફળતા પૂર્વક કરવામાં આવેલ છે. કૃષ્ણકુમાર સિંગલને તેમના પત્ની શ્રીમતી શાલીનીબેનને તેમની કિડની આપીને નિસ્વાર્થ પ્રેમનું ઉદાહરણ પૂરૂ પડેલ છે. તેના વિષે જણાવતા શ્રીમાતી શાલીનીબેન કહે છે કે, ‘‘મારા પતિના સ્વાસ્થ્ય માટે જો હું કિડની ના આપું તો કોણ આપે ? વેલેન્ટાઈન ડે પર પત્ની દ્વારા પતિને આનાથી મોટી કઈ ગિફ્ટ હોઈ શકે. હું અન્ય લોકોને પણ અંગદાન વિષે ગેરમાંન્યતા દુર કરવા અને અંગદાન કરવા પ્રોત્સાહિત કરૂ છુ’’ વધુમાં શ્રી કૃષ્ણકુમાર અને શ્રીમાતી શાલીનીબેનએ બી.ટી. સવાણી કિડની હોસ્પિટલના તબીબો અને સ્ટાફનો આભાર વ્યક્ત કરતા જણાવેલ છે કે, ‘‘અમે હોસ્પિટલની સમગ્ર ટીમનો આત્મીયતા પૂર્વકની સારવાર અને સેવા માટે હૃદયપૂર્વક આભાર માનું છુ. ઓપરેશન પછીના સમયમાં અમારી હોસ્પિટલ સ્ટાફ દ્વારા ખુબજ સારી સારવાર કરવામાં આવી જેથી અમારી રીકવરી ખુબજ સરસ અને ઝડપી થયેલ છે.’’ બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં કિડનીને લગતા રોગોની સારવાર માટે હંમેશા મોખરે રહે છે. ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના લોકો ને કિડની ટ્રાન્સપ્લાન્ટની સુવિધા ખુબજ રાહત દરે પૂરી પાડવા માટે પ્રતિબંધિત છે, તેમ ડૉ. વિશાલ ભટ્ટ (સી.ઓ.ઓ.) એ જણાવ્યું હતું.

# માંગરોળ મોડેલ સ્કૂલનો વાર્ષિક ઉત્સવ ઉજવાયો

## તમારા બાળકોને સમય આપશો તો એ સમાજના માર્ગદર્શક બનશે : ડો. સમીઉલ્લાહ સિંધી






(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા. ૧૩

માંગરોળનાં મદ્રેસા અસ્હાબે સુફ્ફાહના મોહતમીમ મુફતી યુસુફ ખુમારનાં સંચાલન હેઠળની મોડેલ પ્રાયમરી સ્કૂલનો વાર્ષિક ઉત્સવ રંગેચંગે ઉજવાયો હતો. જેમાં સ્કૂલની બાળાઓ અને બાળકોએ વર્તમાન પરિસ્થિતિ સંલગ્ન અનેકવિધ કાર્યક્રમો રજુ કરી સમાજ સુધારણા માટે વિશેષ સંદેશ આપવાનો પ્રયાસ કર્યો હતો. સમાજમાં પ્રવર્તતી રહેલ દારૂ, જુગાર, ડ્રસગ ના દૂષણોને ઉજાગર કરવા નાટક રજુ કરાયું હતું. તદુપરાંત બેટી બચાવો, બેટી ભણાઓ અંતર્ગત ભ્રૂણ હત્યા પર નાની બાળાઓએ અભિનય કરી દર્દભરી દાસ્તાન રજુ કરી હતી. અને દિકરીઓ ના ભણતરને મહત્વ આપતી કૃતિઓ રજૂ કરી હતી. તદુપરાંત નાત, નઝમ, તકરીરો અને મુશાયરા મા પણ સંસ્થાની બાળાઓ મેદાન મારી ગઈ હતી. પ્રોગ્રામનું સંપૂર્ણ સંચાલન પણ શાળાના બાળકોએ જ કર્યું હતું. પ્રોગ્રામના મુખ્ય અતિથિ પ્રોફેસર ડો.સમીઉલ્લાહ સિંધીએ કાર્યક્રમનો નિષ્કર્ષ કાઢતા જણાવ્યું હતું કે નાના નાના બાળકોના આવા અદ્ભુત પ્રદર્શન અવિસ્મરણીય છે. આપણા બાળકોમાં અકલ્પનીય પ્રતિભાઓ છુપાયેલી છે. તેને બહાર લાવવા યોગ્ય માર્ગદર્શનની જરૂર છે. જો તમે તમારા બાળકોને સમય આપશો તો એ સમાજના માર્ગદર્શક બનશે. બાળકોને વૃધ્ધાવસ્થાના સહારા માટે નહી પરંતુ સમાજ માટે તૈયાર કરો. આજે ડ્રોપઆઉટ નું સૌથી મોટું પ્રમાણ માંગરોળમાં છે જે ઘણું ચિંતાજનક છે. આ પ્રોગ્રામમાં શહેરની નામાંકિત હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. પ્રોગ્રામને નિહાળવા મોટી સંખ્યામાં મહિલાઓ અને પુરુષો ઉમટી પડ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સંચાલક મુફતી યુસુફ ખુમાર, શાળાના આચાર્ય યુનુસ ખાસદાર અને સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# નવી મુંબઈના ખારઘરમાં નરેશભાઈ પટેલના હસ્તે કચ્છ વાગડ લેઉવા પાટીદાર સમાજની નૂતન સમાજવાડીનું ઉદઘાટન

## ૧૧ ફેબ્રુઆરીના રોજ ખારઘર ખાતે નૂતન સમાજવાડીનો ઉદઘાટન સમાહોર અને શ્રી રવેચી માતાજીના મેળાની ઉજવણી કરાઈ : વાગડના લેઉવા પાટીદારોએ આપણી ગામઠી સંસ્કૃતિનો પાયો હજુ પણ જાળવી રાખ્યો છે : નરેશભાઈ પટેલ



મુંબઈ, તા.૧૩

મૂળ કચ્છ વાગડના અને હાલ મહારાષ્ટ્રના નવી મુંબઈમાં વસતાં સમસ્ત કચ્છ વાગડ લેઉવા પાટીદાર સમાજ દ્વારા નવી મુંબઈના ખારઘરમાં સરસ્વતી કોલેજ રોડ ઉપર ઉત્સવ ચોકની બાજુમાં નૂતન સમાજવાડીનું નિર્માણ કરાયું છે. [redacted] ૧૧ [redacted] ઓઢાડી, શ્રી સરદાર સાહેબની પ્રતિમા અર્પણ કરી કચ્છી પાઘડી પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે દિપ પ્રાગટ્ય બાદ માતાજીની આરતી કરાઈ હતી. ત્યારબાદ નરેશભાઈ પટેલના હસ્તે રીબીન કાપી, શ્રીફળ વધેરીને નૂતન સમાજવાડીનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા અને દાતાશ્રીઓનું સન્માન કરાયું હતું. બાદમાં સૌએ સાથે મહાપ્રસાદ લીધો હતો. નવી મુંબઈના ખારઘર ખાતે નૂતન સમાજવાડીના ઉદઘાટન પ્રસંગે શ્રી નરેશભાઈ પટેલે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, આજથી થોડા વર્ષો પહેલા આ વાગડ લેઉવા પટેલ સમાજ ખેતી કરતો હતો અને ખેતી કરતાં કરતાં મુંબઈ આવીને અન્ય સમાજને ઉદાહરણ પૂરૂ પાડે તેવું સારું કાર્ય કરી રહ્યો છે તે બદલ આખા વાગડ લેઉવા પટેલ સમાજને અભિનંદન પાઠવું છું. સાથે જ ફાઈવસ્ટાર હોટલને ટક્કર મારે તેવા સમાજ ભવનના નિર્માણ બદલ સમગ્ર ટીમને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

વાગડના લેઉવા પાટીદારોએ આપણી ગામઠી સંસ્કૃતિનો પાયો હજુ પણ જાળવી રાખ્યો છે. આ પ્રસંગે નરેશભાઈ પટેલે રાજકોટ શહેર નજીક પડધરી તાલુકાના અમરેલી ગામ પાસે નિર્માણ પામનાર ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર અંગેની માહિતી આપી હતી. નૂતન સમાજવાડીના ઉદઘાટન પ્રસંગે નરેશભાઈ પટેલ, પનવેલના ધારાસભ્ય પ્રશાંત ઠાકુર, રાપરના પૂર્વ ધારાસભ્ય શ્રીમતી સંતોકબેન ભચુભાઈ આરેઠીયા, શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટીશ્રી ભચુભાઈ ધરમશીભાઈ આરેઠીયા, અંબાવીભાઈ ધરમશીભાઈ વાવીયા, સામાજિક અગ્રણી દિનેશભાઈ વાવીયા અને મનજીભાઈ ગજોરા સહિતના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નવી મુંબઈમાં રહેતા કચ્છ વાગડ લેઉવા પાટીદાર સમાજના પરિવારજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા મેનેજિંગ ટ્રસ્ટી જીવરાજભાઈ ચોધરી, અધિકારી મંડળના પ્રમુખ મહાદેવભાઈ બારવડીયા અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજયમાં વિજ્ઞાન જાથા રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની શાનદાર ઉજવણી કરશે

## તા. ૨૮ મી ફેબ્રુઆરીએ વિજ્ઞાન રેલી, નિબંધ, વકતૃત્વ, ચિત્ર સ્પર્ધાઓ યોજાશે



અમદાવાદ, તા.૧૩

ભારત સરકાર દ્વારા ૨૮ મી ફેબ્રુઆરીએ દેશભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર અને રાજયના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા અનેકવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રના ઘડતરમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોનું પ્રદાન સાથે વિજ્ઞાન પ્રચાર-પ્રસાર સાથે અંધશ્રદ્ધા નિવારાણાર્થે કાર્યક્રમોનું આયોજન થાય છે.

ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ બુધવાર તા.૨૮મી ફેબ્રુઆરીએ રાજયમાં વિજ્ઞાન રેલી, વકતૃત્વ, નિબંધ, ચિત્ર સહિત લોકચળવળ માટેના કાર્યક્રમો યોજવાના છે. રાજકોટમાં કાલાવડ રોડ ઉપર મામલતદાર કચેરીની પાછળ, ન્યુ પરિમલ સ્કૂલના સહયોગથી વિજ્ઞાન રેલીનું ભવ્ય આયોજન સાથે શહેરમાં વિવિધ સ્પર્ધાઓ દ્વારા આયોજનો નક્કી કરવામાં આવ્યા છે. રાજયકક્ષાનો કાર્યક્રમ રાજકોટ ખાતે યોજાનાર છે.

જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે રાજયમાં છેલ્લા ૩૧ વર્ષથી લોકોમાં વૈજ્ઞાનિક મિજાજ કેળવવા માટે ગામડાઓ, શહેરોમાં કાર્યક્રમો યોજાય છે. જાથા અને તેની ૧૫ શાખાઓની મદદથી અત્યાર સુધી ૧૦૦૩૧ ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમો યોજી સામાજિક ચેતનાનું વાસ્તવિક કામ લોકો સમક્ષ મુકયું છે. દેશભરમાં તા.૨૮ મીએ ડો.સી. વી. રામનની "રામન શોધ", નોબલ પુરસ્કાર, ગૌરવભર્યું સ્થાનના કારણે ઉજવણી થાય છે. ભારતીય વૈજ્ઞાનિકોની સિધ્ધિઓ અને વર્તમાન વિજ્ઞાન ટેકનોલોજીની પ્રગતિ વિગેરે બાબતોની જાણકારી જાથા લોકો સમક્ષ મુકે છે. વિજ્ઞાનના કારણે માનવી સુખી સંપન્ન થયો છે ત્યારે લોકભાગીદારીથી કામગીરી કરવામાં આવે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# તીર્થસ્થળોના વિકાસથી પર્યટનને ઉત્તેજન

ભારત એક આધ્યાત્મિક અને સાંસ્કૃતિક દેશ છે, જ્યાં ધર્મ અને સંસ્કૃતિનાં સ્થળો પર પર્યટનની અપાર સંભાવના છે. પીએમ નરેન્દ્ર મોદીએ અસમના પ્રસિદ્ધ મંદિર કામાખ્યાના પરિસરમાં કામાખ્યા કોરિડોરનો શિલાન્યાસ કર્યો છે. તે કાશી અને મહાકાલ કોરિડોરની જેમ જ વિકસિત થશે, એના પર ૪૯૮ કરોડ રૂપિયા ખર્ચ થશે. ઉજ્જૈનમાં મહાકાલ કોરિડોર બન્યા બાદ ત્યાં ધાર્મિક યાત્રા ખૂબ વધી ગઈ છે. એવી જ રીતે કાશી વિશ્વનાથ કોરિડોર બન્યા બાદ ધાર્મિક નગરી કાશીમાં તીર્થયાત્રીઓની સંખ્યામાં ઘણો વધારો થઈ ગયો. હાલમાં જ રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા બાદથી અયોધ્યાના રામ મંદિર દેશભરના કેન્દ્રમાં છે. અયોધ્યામાં દરરોજ બે થી ત્રણ લાખ લોકો પહોંચી રહ્યા છે. તિરુપતિ બાલાજી મંદિર અને શિરડીના સાઈધામ પહેલેથી જ તીર્થયાત્રીઓના પસંદગીના સ્થળો રહ્યા છે. હાલનાં વર્ષોમાં જ્યારથી મંદિરોનો નવેસરથી વિકાસ શરૂ થયો છે, ધાર્મિક પર્યટનમાં ઝડપથી વૃદ્ધિ થઈ છે.

ભારતમાં ૧૨ જ્યોતિર્લિંગ અને ચાર ધામ ઉપરાંત અનેક એવાં પ્રસિદ્ધ મંદિર છે, જ્યાં દર વર્ષે કરોડો લોકો જાય છે જ્યારથી દેશમાં સાંસ્કૃતિક પુનર્જાગરણ શરૂ થયું છે, દેશમાં મંદિરોનોમિક્સ ઘણી ઝડપથી વધ્યું છે. મંદિરોનોમિક્સના સુચારુ વિકાસથી દેશની અર્થવ્યવસ્થાને ઘણો લાભ થઈ શકે છે. એનાથી સાંસ્કૃતિક એક્તા પણ મજબૂત થશે. ભારતના દરેક રાજ્ય અને દરેક ક્ષેત્રમાં પ્રસિદ્ધ મંદિર અને સાંસ્કૃતિક સ્થળ છે. ગયા, કુશીનગર, નાગપુર વગેરે બૌદ્ધ સ્થળ રૂપે પ્રખ્યાત છે. પટના સાહિબ, અમૃતસર, નાંદેડ વગેરે શીખ ધર્મસ્થળ રૂપે પ્રસિદ્ધ છે. રાજગીર, પાવાપુરી વગેરે જૈન તીર્થ સ્થળોછે. આ બધાના વિકાસથી ધાર્મિક પર્યટનને ઉત્તેજન મળશે. અજંતા-ઈલોરા વગેરે સાંસ્કૃતિક સ્થળો છે. તેનો વિકાસ પણ નવેસરથી થવો જોઈએ. વૈષ્ણોદેવી, અક્ષરધામ ગુજરાત અને દિલ્હી, દ્વારકાધીશ, સોમનાથ મંદિર વગેરેના વિકાસથી તીર્થયાત્રીઓ વધ્યા.

કેન્દ્રમાં મોદી સરકાર આવ્યા બાદથી દેશમાં રહેલા ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાના વિકાસ પર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. સરકારે મંદિર કોરિડોરની જેમ મસ્જિદો અને ચર્ચોના વિકાસ પર પણ ધ્યાન આપવું જોઈએ. સર્વધર્મ સમભાવની ભાવના વ્યવહારમાં દેખાવી જોઈએ. તમામ ધર્મ અને સંસ્કૃતિના પ્રતીક સ્થળોના સુયોગ્ય વિકાસથી ઘરેલુ અર્થવ્યવસ્થાને મજબૂતી મળશે. ભારત વિશાળ જનસંખ્યા ધરાવતો દેશ છે, આ જનસંખ્યાકીય તાકાત અને ક્ષમતાનો ઉપયોગ આર્થિક પ્રગતિ માટે કરાવો જોઈએ. વડાપ્રધાને લક્ષદ્વીપની તસવીર સોશ્યલ મીડિયા પર મૂકીને જે રીતે એડવેન્ચર ટુરિઝમને ઉત્તેજન આપવાની અપીલ કરી, તેનાથી ભારતની અંદર રહેલા પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર ક્ષેત્રોનો વિકાસ થશે અને એડવેન્ચર ટુરિઝમ માટે વિકસિત કરી શકાય છે. કેટલાંય ક્ષેત્રો વિકસિત છે. સરકારે તમામ ધાર્મિક, સાંસ્કૃતિક અને એડવેન્ચર ટુરિઝમવાળા સ્થળો પર સુરક્ષા વ્યવસ્થા સુદૃઢ કરવી જોઈએ. તેની સાથે જ મંદિરોની આસપાસ અવ્યવસ્થા એ આસ્થાના નામે લૂંટને રોકવાની વ્યવસ્થા પણ કરવી જોઈએ. સમય આવી ગયો છે કે સરકાર મંદિરોનોમિક્સને ઉત્તેજન આપવાની સાથે તેના રેવન્યૂ મોડલને વિકસિત કરે, તેમને અવ્યવસ્થિત છોડી ન દેવામાં આવે. સર્વધર્મ તીર્થસ્થળો સરકારની આવકના મોટા સ્રોત બની શકે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મનુષ્યનો સાચો મિત્ર ધર્મ છે.

- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.મેહેર-૧૩૯૩, મુ. શાબાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, મહા સુદ-૪ અંગારકી વિનાયક ચતુર્થી, શ્રી ગણેશ ચતુર્થી, શ્રી ગણેશ જયંતિ, વરદ ચતુર્થી, પંચક તા.૧૩ ફેબ્રુઆરી ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૨, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, સાધ્ય યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૨૬, સૂ.અ.૬:૪૪

આજનો દિવસ બપોરે ૨:૪૧ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નાણાંકીય સમસ્યાનો ઉકેલ મળે. નવિન આયોજનો પાર પડે.
વૃષભ:મિત્રોથી લાભ મળે. આર્થિક વિકાસના માર્ગ ખુલે.
મિથુન:વ્યર્થ વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ. શત્રુઓ ફાવી જતા જણાય.
કર્ક: નવિન તક મળે. પ્રવાસથી લાભ થાય.
સિંહ: કાર્યમાં રૂકાવટ આવે. પડવા-વાગવાથી સંભાળવું.
કન્યા: સંતાનથી લાભ મળે. કાનુની કાર્યમાં સફળતા મળે.
તુલા: માનસિક અશાંતિના ભોગ બનવું પડે. વ્યર્થ ક્રોધ રહે.
વૃશ્ચિક:મનની મુરાદ બર આવે. આર્થિક ધન લાભ રહે.
ધન: સારા કાર્યો અટકી-અટકીને પૂર્ણ થાય. હિતશત્રુઓનું જોર વધે.
મકર: સ્વજનો કે નજીકના મિત્રોથી લાભ થાય. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
કુંભ: નવિન ઓળખાણ થાય. આર્થિક સમસ્યા દૂર થતી જણાય.
મીન: સાહસિક કાર્યોથી ધન લાભ થાય. પર્યટનનો યોગ છે.

### આ સિસ્ટમ આગામી એપ્રિલથી લાગુ થવાની શક્યતા

# FASTagનો જમાનો ગયો, હવે GPSના આધારે ટોલ ઉઘરાવાશે

## જીપીએસ દ્વારા વાહનોને ટ્રેક કરવામાં આવશે અને તેના આધારે ટોલ ભરવો પડશે : ટોલ ટેક્સની ચોરી મુશ્કેલ બનશે

નવી દિલ્હી, તા.૧૩

ભારતમાં હાઈવે પર ટોલ ભરતી વખતે હજુ પણ લાંબી લાઈનોમાંથી છુટકારો નથી મળ્યો. કેશની જગ્યાએ હવે વાહનો પર FASTagના સ્ટીકર આવી ગયા હોવા છતાં ટોલ નાકા પર પહેલાની જેમ જ ભીડ જોવા મળે છે. જોકે, સરકાર હવે આ સિસ્ટમમાં મોટો ફેરફાર કરવા જઈ રહી છે. ભારતમાં ટૂંક સમયમાં GPSના આધારે ટોલ ટેક્સ વસુલવામાં આવશે. એટલે કે જીપીએસ દ્વારા વાહનોને ટ્રેક કરવામાં આવશે અને તેના આધારે ટોલ ભરવો પડશે. આ સિસ્ટમ આગામી એપ્રિલ મહિનાથી જ લાગુ થવાની શક્યતા છે. એક્સપર્ટ્સના કહેવા પ્રમાણે GPS આધારિત ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન સિસ્ટમમાં નંબર પ્લેટને ઓટોમેટિક ઓળખી લેતી ANPR સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે.

હાલમાં સ્થિતિ એવી છે કે હાઈવે પર થોડા થોડા અંતરે ટોલ નાકા આવેલા છે અને તેમાંથી પસાર થતી વખતે વાહનચાલકોનો ઘણો સમય બગડે છે તથા મુસાફરીનો મૂડ ખરાબ થઈ જાય છે. હાઈવે મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું છે કે ફાસ્ટેગ ઉપરાંત હવે GPS આધારિ ટેક્સ કલેક્શન સિસ્ટમ આવી રહી છે. એપ્રિલ મહિનાથી જ નવી સિસ્ટમ લાગુ થવાની શક્યતા છે.

શરૂઆતમાં GPS આધારિત સિસ્ટમ એક પાઈલટ પ્રોજેક્ટની જેમ હશે અને ફાસ્ટેગની સાથે કામ કરશે. તેનાથી દરેક ટોલ નાકા પર વાહનોની ભીડ ઘટશે તેવી આશા છે. આ ઉપરાંત નેશનલ હાઈવે ઓથોરિટીની આવકમાં પણ મોટો વધારો થવાનો છે. હાલમાં નેશનલ હાઈવે ઓથોરિટી વર્ષના ૪૦,૦૦૦ કરોડની કમાણી કરે છે. આગામી બેથી ત્રણ વર્ષમાં આ કમાણી વધીને ૧.૪૦ લાખ કરોડે પહોંચી જાય તેવી શક્યતા છે.

FASTag લાવવામાં આવ્યા પછી પણ ટોલ નાકા પર વેઈટિંગ ટાઈમ તો રહે જ છે. જોકે, અગાઉ કરતા હવે વેઈટ પિરિયડ ઘટી ગયો છે. ૨૦૧૮-૧૯માં ટોલ પ્લાઝા પર વાહનનો એવરેજ વેઈટિંગ ટાઈમ ૮ મિનિટનો હતો. ત્યાર પછી ૨૦૨૦-૨૧માં ફાસ્ટેગ આવી ગયા પછી વેઈટ ટાઈમ ઘટીને ૪૭ સેકન્ડ થયો હોવાનો દાવો કરવામાં આવે છે. જોકે, હજુ પણ ઘણી જગ્યાએ FASTagનો ઉપયોગ કરવા છતાં વાહનોની લાંબી લાઈન જોવા મળે છે.

૨૦૨૧માં તમામ વાહનો માટે FASTag ફરજિયાત બની ગયા છે. ફાસ્ટેગ વગર કોઈ ટોલબૂથમાંથી પસાર થાય તો તેમણે ડબલ ટોલ ભરવો પડે છે. GPS આધારિત ટોલ કલેક્શન સિસ્ટમમાં હાઈવે પર કેમેરા ગોઠવવામાં આવશે અને વાહને જે અંતર કાપ્યું હશે તેના આધારે નંબર પ્લેટને સ્કેન કરીને ટોલ વસુલવામાં આવશે. હાલમાં FASTag દ્વારા ટોલ પ્લાઝા પર RFID આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ છે.

જીપીએસ આધારિત સિસ્ટમમાં તમે વાહન ચલાવતા હોવ ત્યારે તમારી મુવમેન્ટ પર નજર રાખવામાં આવશે, તમારી એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ જાણવામાં આવશે અને તે પ્રમાણે ટોલ વસુલવામાં આવશે. તેમાં તમે કેટલા ટોલ પ્લાઝામાંથી પસાર થયા છો તેની ગણતરી કરીને ટોલ કાપવામાં આવશે. તેથી દરેક બૂથ પર ફિક્સ્ડ ટોલની પદ્ધતિ બંધ થશે અને ઓછું વાહન ચલાવનાર પર ઓછો ટોલ ટેક્સ લાગશે. આ ઉપરાંત તેનાથી FASTagમાં બેલેન્સ ભરવાની કડાકૂટ નહીં રહે ડ્રાઈવરે પોતાની સાથે કેશ પણ રાખવી નહીં પડે. ટોલની ફી સિક્યોર ઈલેક્ટ્રોનિક પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરીને બેંક ખાતામાંથી સીધી ઉપાડવામાં આવશે.

### સુરતના હીરા ઉદ્યોગ માટે વધુ એક માઠા સમાચાર

# ૧ કેરેટ કે તેથી વધુ વજન ધરાવતા પોલિશ્ડ હીરા પર ૧ માર્ચથી પ્રતિબંધ લાગુ થશે

## અડધા કેરેટથી પતલી સાઈઝના હીરાને બેન કરવા બાબતે હવે પહેલી સપ્ટેમ્બરે વિચારણા કરવામાં આવશે

સુરત, તા.૧૩

સુરતના હીરા ઉદ્યોગ માટે વધુ એક માઠા સમાચાર સામે આવ્યા છે. પહેલી માર્ચથી અમેરિકામાં રશિયાના હીરા પર પ્રતિબંધ મુકાશે. જેથી સુરતના ઉદ્યોગને અંદાજે ૩૫ ટકાનો ફટકો પડશે. યુક્રેન યુદ્ધ બાદ અમેરિકામાં રશિયામાં ઉત્પાદિત વસ્તુઓને બેન કરવા પ્રયાસો શરૂ કરાયા છે. જેમાં ખાસ કરીને હીરા માટે મંજૂરી મળી છે. ઓફેકના ડેપ્યુટી ડિરેક્ટરે દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા છે.

૧ કેરેટ કે તેથી વધુ વજન ધરાવતા પોલિશ્ડ હીરા પર ૧ માર્ચથી પ્રતિબંધ લાગુ થશે. અડધા કેરેટથી પતલી સાઈઝના હીરાને બેન કરવા બાબતે હવે ૧ સપ્ટેમ્બરે વિચારણા કરાશે. આ જાહેરાતમાં સ્પષ્ટતા કરવામાં આવી નથી કે આયાતકારોએ પુરાવા પ્રદાન કરવાની જરૂર પડશે કે તેમના પોલિશ્ડ હીરાની રશિયામાં ખાણકામ કરવામાં આવી ન હતી. સુરતમાં આયાત થતા કુલ રફ ડાયમંડમાંથી ૩૦થી ૩૫ ટકા રફ રશિયાથી આયાત કરવામાં આવે છે. જેના કારણે સુરતની ઈન્ડસ્ટ્રીને અસર થશે.

નોંધનીય છે કે, થોડા સમય પહેલા વૈશ્વિક મંદીના કારણે હીરા ઉદ્યોગ મુશ્કેલીમાં મુકાયો હતો. યુક્રેન રશિયા યુદ્ધને કારણે રશિયાના રફ ડાયમંડ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેના કારણે સુરતમાં હીરા ઉદ્યોગમાં મંદી જોવા મળી રહી છે.

મંદીથી મુશ્કેલીમાં મુકાયેલા સુરતના રત્નકલાકારોએ આર્થિક પેકેજની માંગ કરી હતી. ડાયમંડ બુર્સના ઉદ્ઘાટન પહેલા આર્થિક સહાય આપવા રજૂઆત કરવામાં આવી હતી. વૈશ્વિક મંદીને કારણે હીરા ઉદ્યોગ મુશ્કેલીમાં મુકાયો હતો.

યુક્રેન રશિયા યુદ્ધને કારણે રશિયાના રફ ડાયમંડ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સુરતમાં પોલિશ્ડ થતાં રફમાં ૩૦ ટકાથી વધુ હિસ્સો રશિયન રફનો હોય છે. રશિયન રફનો પ્રતિબંધ અને મંદીના કારણે હીરા ઉદ્યોગ મુશ્કેલીમાં મુકાયો છે. ડાયમંડ વર્કર યુનિયન દ્વારા રત્નકલાકારો માટે આર્થિક પેકેજની માંગ કરાઈ હતી. માંગ નહીં સંતોષાય તો આગામી દિવસોમાં પ્રતિક ઉપવાસ કરવાની ચીમકી આપી હતી.

G-7 દેશોએ રશિયાના હીરા પર પ્રતિબંધ લગાવ્યો છે ત્યારે GJEPC દ્વારા રફની આયાત પર વોલેન્ટરી રોક હટાવી લીધી છે. હીરા ઉદ્યોગમાં બેરોજગારી ન વધે તે માટે આ નિર્ણય લેવાયો છે. આગામી ૧૫મીથી હીરા વેપારીઓ રફ હીરા મંગાવી શકશે.

બેરોજગારી વધવાની શક્યતાને ધ્યાનમાં રાખી હીરા ઉદ્યોગની મુખ્ય સંસ્થા GJEPC દ્વારા નિર્ણય કર્યો છે. હીરાના આયાત પર લગાવેલ વોલેન્ટરી રોક હટાવી લેવામાં આવી છે. કટ એન્ડ પોલિશ્ડ હીરાનું ઓવર પ્રોડક્શન ન થાય તે માટે ૧૫મી સપ્ટેમ્બરના રોજ આયાત સ્વૈચ્છિક બંધ કરાઈ હતી. મંદી દરમિયાન શહેરનું ડાયમંડ માર્કેટ સ્ટેબલ થાય તે માટે જીજેઈપીસી દ્વારા રફની આયાત પર સ્વૈચ્છિક રીતે પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો. હવે હીરા વેપારીઓ આગામી ૧૫મી ડિસેમ્બરથી રફની આયાત કરી શકશે.

# ગુજરાતમાં આ અઠવાડિયાથી જ ગરમીના દિવસો આવી જશે

## ૧૯થી ૨૨ના વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીનો અહેસાસ થશે : ઉનાળું પાકના વાવેતર માટે સાનુકુળ વાતાવરણ થતું જશે

અમદાવાદ, તા.૧૩

હાલ રાજ્યમાં ઉત્તર-પશ્ચિમી પવન ફૂંકાઈ રહ્યા છે. જેથી વાતાવરણમાં અચાનક ઠંડી અનુભવાઈ રહી છે. પરંતુ ઠંડી હવે ગણતરીના કલાકોની મહેમાન છે. ગુજરાતમાં આ અઠવાડિયાથી જ ગરમીના દિવસો આવી જશે. આ વર્ષે ભીષણ ગરમીની આગાહી હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ દ્વારા કરવામાં આવી છે. હજી તો ફેબ્રુઆરી મહિનો છે, પરંતુ એપ્રિલ, મે અને જુન મહિનો ગુજરાત માટે આકરો બની રહે છે. આમાં ગરમીનો પારો એટલો વધી જતો હોય છે કે લોકો કાળઝાળ ગરમીમાં શેકાય છે. ત્યારે આ વર્ષે કેવી ગરમી રહેશે તેની આગાહી અંબાલાલ પટેલે કરી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ આગાહી કરી છે કે ૧૩ ફેબ્રુઆરી સુધીમાં વહેલી સવારે અને રાતના ભાગોમાં તાપમાન ઘટશે. ૧૫થી ૧૬ ફેબ્રુઆરીના ફરી તાપમાન વધશે. ધીરે ધીરે ૧૫ ફેબ્રુઆરીથી ગરમીની શરુઆત થઈ હોય તેવું લાગશે. ૧૯થી ૨૨ ફેબ્રુઆરીના વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીનો અહેસાસ થશે. ઉનાળું પાકના વાવેતર માટે સાનુકુળ વાતાવરણ થતું જશે.

અંબાલાલ પટેલે જણાવ્યું કે, આ વર્ષે આકરો ઉનાળો રહેશે. ૧૯-૨૪ ફેરબુઆરીથી જ ગરમી શરુ થઈ જશે. ફેબ્રુઆરીમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી ઉપર જશે. આ વર્ષનો ઉનાળો ઉનાળુ પાક માટે સાનુકૂળ રહેશે. ૪ માર્ચથી ગરમીમાં ઉતરોત્તર વધારો થશે. માર્ચ મહિનામાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેશે. ૨૦ એપ્રિલથી વધુ ગરમી પડશે. ૨૬ એપ્રિલથી મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી પાર જશે. ૧૧ મેથી કાળઝાડ ગરમી પડશે. તો તેમણે આગળ કહ્યું કે, મે મહિનામાં બંગાળની ખાડી અને અરબસાગરમાં હવાના હળવા દબાણ ઉભા થવાની શક્યતા છે. તેમજ ૪ જૂનથી પણ બંગાળની ખાડી અને અરબસાગરમાં હવાના હળવા દબાણ ઉભા થવાની શક્યતા છે. જો કે રાહતના સમાચાર એ છે કે, ભારે ગરમી સહન કર્યા બાદ ચોમાસુ સારું રહેશે. અન નીનોનો પ્રભાવ ઘટી જતા આ વર્ષે ચોમાસુ સારું જવાની ધારણા છે. આ ફેબ્રુઆરીનો મહિનો કેરીના પાક માટે નુકશાનકારક હોવાનું આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી છે. તેમણે કહ્યું કે, સૂર્યનું રાશિ બ્રહ્મણ કુંભ રાશિમાં સાયન મીન રાશિમાં અને ગ્રહો જળ દાયક નક્ષત્રમાં હોતા માર્ચની શરૂઆતમાં હવામાનમાં પલટો આવશે. ફેબ્રુઆરી મહિનામાં પવનની ગતિ વધુ રહેશે. જેના કારણે આંબાના મોર ખરી પડે તેવી શક્યતા છે. પવનની ગતિ ૧૫-૨૪ કિ઼મી/ક ની રહી શકે છે. જીરા જેવા પાકમાં રોગ આવવાની શક્યતા છે. ઉભા કૃષિ પાકો વળી જવાની શક્યતા છે. આવામાં ખેડૂતોએ સાવચેતીના પગલાં લેવા જરૂરી છે.

# હિમાચલ પ્રદેશમાં થયેલી હીમવર્ષાથી ખીલી સુંદરતા

## હિમાચલપ્રદેશમાં બર્ફવર્ષાને કારણે પ્રવાસીઓની સંખ્યા સતત વધી રહી છે : લોકો સ્નોફોલની મજા માણી રહ્યાં છે

શિમલા, તા.૧૩

જ્યાં મોટી સંખ્યામાં દર વર્ષે પ્રવાસીઓ પહોંચતા હોય છે તે હિમાચલ પ્રદેશમાં હાલ રમણીય સૌંદર્ય જોવા મળી રહ્યું છે. બરફવર્ષાને કારણે પહાડોએ જાણે સફેદ ચાદર ઓઢી લીધી છે. તો પર્યટકો મનભરીને મસ્તી કરતાં જોવા મળી રહ્યા છે.હિમાચલ પ્રદેશમાં ઉંચાઈવાળા વિસ્તારોમાં લાંબા સમય પછી થયેલી બરફવર્ષા થઈ છે. સ્નોફોલને કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. હિમાચલના કુફરીમાં પણ બરફવર્ષાને કારણે હવામાન ઠંડક પ્રસરી ગઈ છે. ચારે બાજુ બરફ અને વચ્ચે આનંદ ઉઠાવતા પર્યટકો જોવા મળી રહ્યા છે. મોટી સંખ્યામાં દેશના વિવિધ રાજ્યોના સહેલાણીઓ કુફરીમાં બરફનો આનંદ કરવા માટે પહોંચ્યા છે.

જાન્યુઆરીમાં હિમાચલમાં કંઈ ખાસ બરફવર્ષા થઈ નહતી. પરંતુ જાન્યુઆરી પછી ફેબ્રુઆરી માસમાં જોરદાર સ્નોફોલ થયો તેના કારણે સમગ્ર વાતાવરણ ખીલી ઉઠ્યું. બહારના રાજ્યથી આવેલા પર્યટકો લાંબા સમયથી બરફ વર્ષાનો ઈન્તજાર કરી રહ્યા હતા. પરંતુ ક્યાંય બરફ પડી રહ્યો નહતો. પરંતુ જેવો સ્નોફોલ શરૂ થયો તેની સાથે જ મોટી સંખ્યામાં સહેલાણીઓ કુફરીમાં ઉમટી પડ્યા અને સ્નોફોલનો આનંદ ઉઠાવા લાગ્યા.કુફરી એક પર્યટન સ્થળ છે જ્યાં દર વર્ષે હજારોની સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટ્યા છે. અને હજુ પણ પ્રવાસીનો ધસારો સતત ચાલુ જ છે. તો હવામાન વિભાગે ઠંડીનો ચમકારો વધવાની પણ આગાહી કરી છે. જેના કારણે કુફરી જ નહીં પરંતુ આસપાસના અનેક ઉંચાઈવાળા ક્ષેત્રોમાં બરફ જ બરફ જોવા મળી શકે છે. હાલ પહાડોએ સફેદ ચાદર ઓઢી હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. જેના કારણે પર્યટકો ખુશ છે, સાથે સાથે સ્થાનિક વેપારીઓના પણ ચહેરા ખીલી ઉઠ્યા છે. હિમાચલના પહાડી વિસ્તારોમાં હાર્ટથીજવતી ઠંડી પડી રહી છે. જ્યારે મેદાની વિસ્તારમાં વરસાદ જોવા મળી રહ્યો છે. તો વહેલી સવારે વાતાવરણમાં એટલું ધુમ્મસ છવાઈ જાય છે. વીઝીબિલીટી સાવ ઝીરો થઈ જાય છે. હવામાન વિભાગની આગાહી મુજબ હજુ પણ ઠંડી વધવાની સંભાવના છે. તેને જોતા સ્થાનિક લોકોએ થોડી વધારે મુશ્કેલીનો સામનો કરવો પડે તો નવાઈ નહીં.

# ૬૪ વર્ષની કારકિર્દી પછી ધર્મેન્દ્રએ બદલ્યું પોતાનું ઓનસ્ક્રીન નામ

મુંબઈ, તા.૧૩

બોલીવુડના દિગ્ગજ કલાકાર ધર્મેન્દ્ર એ પોતાના ફિલ્મી કરિયરની શરૂઆત ૧૯૬૦માં કરી હતી. તેની પહેલી ફિલ્મ દિલ ભી તેરે નામ હમ ભી તેરે નામ હતી. આ ફિલ્મથી તેને ઓનસ્ક્રીન અને ઓફસ્ક્રીન ધર્મેન્દ્ર તરીકે જ ઓળખવામાં આવે છે. પરંતુ તાજેતરમાં જ રિલીઝ થયેલી ફિલ્મ તેરી બાતો મેં એસા ઉલજા જીયાથી ધરમજીએ પોતાનું નામ બદલી નાખ્યું છે. આ વાત જાણીને સૌ કોઈ આશ્ચર્યચકિત છે. ફિલ્મી કારકિર્દી શરૂ થયાના ૬૪ વર્ષ પછી ધર્મેન્દ્રએ પોતાનું ઓનસ્કીન નામ બદલ્યું છે.

### રામ મંદિરમાં દર્શન બાદ ઢળી પડ્યા

# બનાસકાંઠાના રામભક્તનું અયોધ્યામાં દર્શન બાદ મોત

## બનાસકાંઠાના દિયોદરના ભાજપના કાર્યકર્તાઓ ટ્રેન દ્વારા અયોધ્યા રામ મંદિર ખાતે દર્શન કરવા ગયા હતા

બનાસકાંઠા, તા.૧૩

અયોધ્યામાં બીજા ગુજરાતીનું હાર્ટ એટેકથી મોત થયું છે. હજી એક દિવસ પહેલા જ આસ્થા ટ્રેનમાં અયોધ્યા જતા વડોદરાના ભક્તનું હાર્ટ એટેકથી મોત નિપજ્યુ હતું. ત્યારે વધુ એક ગુજરાતીને રામ મંદિરમાં દર્શન કર્યા બાદ હાર્ટ એટેક આવ્યો હતો, અને તેઓ ત્યા જ ઢળી પડ્યા હતા. હાલ તેમના મૃતદેહને ગુજરાત લાવવાની કામગીરી ચાલુ છે. બનાસકાંઠાના દિયોદરના રામભક્તને રામના ધામમાં મોત મળ્યું.

દિયોદરના નોખા ગામના રામ ભક્ત ગોરધનભાઈ ઠાકોરનું અયોધ્યામાં હાર્ટએટેકથી નિધન થયું છે. અયોધ્યા રામ મંદિરમાં પહોંચી મંદિરમાં દર્શન કરી પરત આવતા હતા તે દરમિયાન ગોરધનભાઈને હાર્ટ એટેક આવ્યો હતો. હાર્ટ અટેકથી ઢળી પડતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ ઘટનાથી તેમના સાથી રામભક્તોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. નોખા ગામના ૫૫ વર્ષીય ગોરધનભાઈ નાગજીભાઈ ઠાકોરનું મોત નિપજતા પરિવાર અને ગામમાં શોકનો માહોલ છવાયો છે. દિયોદર તાલુકાના ભાજપના સંગઠિત કાર્યકરો ૯ ફેબ્રુઆરીના રોજ પાલનપુરથી અયોધ્યા રેલ્વે મારફતે રામલલ્લાના દર્શન કરવા માટે ગયા હતા.

ઉલ્લેખનીય છે કે, હજી એક દિવસ પહેલા જ વડોદરાના રામ ભક્તને ચાલુ ટ્રેનમાં હાર્ટ એટેક આવ્યો હતો. આસ્થા ટ્રેનથી અયોધ્યા જતા વડોદરાના ભાવિકને ચાલુ ટ્રેનમાં હાર્ટ એટેક આવ્યો હતો. વડોદરાના રમણભાઈ પાટણવાડીયાનું હાર્ટ એટેક આવતા મોત નિપજ્યું છે. તેઓ ગત રોજ વડોદરાથી આસ્થા ટ્રેન મારફતે શહેરના ભક્તો સાથે અયોધ્યા જવા નીકળ્યા હતા. ત્યારે મધ્યપ્રદેશના ખંડવા સ્ટેશન પાસે રમણભાઈને હાર્ટ એટેક આવ્ય હતો. ત્યારે રમણભાઈના મૃતદેહને લઈ ભાજપ કાર્યકરો વડોદરા આવવા રવાના થયા છે.

# રાતા સમુદ્રમાં ચાલી રહેલી લાંબી મડાગાંઠ ભારતની આયાત અને નિકાસ માટે ચિંતાજનક છે

## જ્યારે હૌથીઓએ અત્યાર સુધી રાતા સમુદ્રમાંથી પસાર થતાં ભારતીય જહાજોને બચાવ્યા છે ત્યારે મોટાભાગના જહાજોએ સલામતીની ચિંતાઓને કારણે માર્ગને ટાળવાનું પસંદ કર્યું છે

નવી દિલ્હી તા.૧૩

૨૧મી સદી માટે અવિશ્વસનીય રીતે લાલ સમુદ્ર ઉપર યેમેની હૌથી 'લૂંટારા'ના નાના જૂથોએ દરિયાઈ માર્ગનો ઉપયોગ કરીને લગભગ એક લાખ કરોડ ડોલરથી વધુનો વૈશ્વિક વેપાર લાવ્યું છે. હૌથીઓ જહાજ વિરોધી મિસાઈલો વડે જહાજો ઉપર હુમલો કરી રહ્યા છે અને તેણે યુએસ નેવીના વિનાશકને પણ બક્ષ્યા નથી. કાર્ગોને લૂંટવામાં આવે છે અને નાવિકોને પકડી લેવામાં આવે છે. આ હુમલાઓ ગાઝામાં પેલેસ્ટીનીઓ સામે ઈઝરાયેલના આક્રમણનો બદલો લેવા માટે માનવામાં આવે છે, જેણે ૨૪,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા છે અને ગાઝાને બરબાદ કરી નાંખીને તેની સમગ્ર વસ્તીને વિસ્થાપિત કરી દીધી છે. લાલ સમુદ્રમાંથી પસાર થતાં વ્યાપારી જહાજો ઉપર હૌથીઓ હુમલો કરતા હોવાથી જહાજોને કેપ ઓફ ગુડ હોપમાંથી પસાર થવા માટે વાળવામાં આવ્યા છે, જેમાં મુસાફરીમાં ૩૫૦૦ નોટીકલ માઈલ (લગભગ ૬૫૦૦ કિ.મી.) અને બળતણ, વીમો અને વેતન વગેરેની કિંમત સહિત અડધા મહિનાની વધારાની સફરને ઉમેરવામાં આવી છે. કાર્ગો અને નાવિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે ભારતે તેના નૌકાદળના ફ્રિગેટ્સને સમુદ્રમાં રાખવા સિવાય હજી સુધી હુમલાઓ પર પ્રતિક્રિયા આપી નથી. ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો તેલ આયાતકાર દેશ છે અને તે તેના રશિયન સપ્લાયનો મોટો ભાગ મેળવે છે, જે ગયા વર્ષે દેશની ક્રૂડ ઓઈલની આયાતમાં ૩૫ ટકા હતી. જો કે, રશિયન જહાજો હજી સુધી હુથી ચાંચિયાઓનું મુખ્ય લક્ષ્ય નથી, સલામતીની ચિંતાઓને કારણે ઘણા જહાજોને ડાયવર્ઝન કરવામાં આવ્યા છે, જેના કારણે લાંબી મુસાફરીને કારણે જહાજોની અછત ઊભી થઈ છે. સુએઝ કેનાલ મારફતે લાલ સમુદ્રનો માર્ગ દેશની નિકાસમાં ૫૦ ટકા અને આયાતમાં ૩૦ ટકા હિસ્સો ધરાવે છે. હૌથી ચાંચિયાગીરીથી ઊંડે-ઊંડે પ્રભાવિત ક્ષેત્રોમાં કૃષિ ચીજવસ્તુઓ, ખેત પેદાશો અને દરિયાઈ ખાદ્યપદાર્થો જેવી નાશવંત વસ્તુઓ છે, જે બધા ઓછા માર્જિન ધરાવે છે. કટોકટીએ ભેંસના માંસની નિકાસને નુકસાન પહોંચાડ્યું છે અને ભારતની લગભગ ૬૦ ટકા ભેંસના માંસની નિકાસ લાલ સમુદ્રમાંથી ઉત્તર આફ્રિકન દેશો અને રશિયામાં જાય છે. ભારત વનસ્પતિ તેલનો વિશ્વનો સૌથી મોટો આયાતકાર પણ છે અને મોટાભાગની આયાત લાલ સમુદ્રમાંથી પસાર થાય છે. સૂર્યમુખી તેલના પુરવઠાને પણ અસર થઈ છે અને ખરીદદારો અન્ય વનસ્પતિ તેલ તરફ વળી રહ્યા છે. ખાતરના શિપમેન્ટમાં પણ વિલંબ થઈ રહ્યો છે. લાંબા સમય સુધી ચાલતા ઝઘડાથી ભારતના નિકાસલક્ષી ઉદ્યોગોની નફાકારકતા અને કાર્યકારી મૂડી ચક્રને અસર થશે તેવી આશંકા છે. રેટિંગ એજન્સી ક્રિસિલે જણાવ્યું છે કે, 'આની હદ ક્ષેત્રીય ઘોંઘાટના આધારે બદલાઈ શકે છે. સપ્લાય ચેઈનના મુદ્દાઓ પણ તીવ્ર બની શકે છે, વેપારના જથ્થાને કાબૂમાં રાખી શકે છે અને ફુગાવાના દબાણને નવીકરણ કરી શકે છે.' તાજેતરના ક્રેડિટ એલર્ટમાં રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે, બાસમતી ચોખાના નિકાસકારો, આ



પ્રદેશોમાં ભારતના ઉત્પાદનનો ત્રીજો ભાગ મોકલે છે, તેઓ દબાણ અનુભવી રહ્યા છે. તેઓ તેમની ઈન્વેન્ટરીનો અમુક હિસ્સો સ્થાનિક બજારમાં વેચી રહ્યા છે. ઝીંગા અને પ્રોન જેવા દરિયાઈ ખાદ્યપદાર્થો પર નોંધપાત્ર અસર જોવા મળી શકે છે કારણ કે, ઉત્પાદનનો ૮૦થી ૯૦ ટકા નિકાસ થાય છે, જેમાંથી અડધાથી વધુ લાલ સમુદ્રમાંથી વહે છે. 'ચાંચિયાઓ' આ વખતે નાણાં કમાવવા માટે માલસામાનને ઉતારવા કરતાં રાજકીય વિચારણાઓથી વધુ પ્રેરિત જણાય છે. તેઓ પસંદગીયુક્ત પણ દેખાય છે, તેઓ જે ફલેગ ઉડાવે છે અથવા કાર્ગોના મૂળ અને ગંતવ્ય દ્વારા જહાજો પસંદ કરે છે. તેઓએ અત્યાર સુધી ભારતીય, રશિયન, ચીની અને પશ્ચિમ એશિયાના જહાજોને બચાવ્યા છે. હુમલાઓ ઈઝરાયલી આક્રમણને ટેકો આપતા દેશો સાથે જોડાયેલા જહાજો અથવા શિપમેન્ટ ઉપર વધુ કેન્દ્રિત છે. ભારત ચિંતિત છે કારણ કે, લાલ સમુદ્ર માર્ગ તેની નિકાસમાં લગભગ ૫૦ ટકા હિસ્સો ધરાવે છે, જેમાંથી નોંધપાત્ર ભાગ EU સભ્ય દેશો, યુકે અને યુએસએ માટે છે. ગાઝામાંથી ઈઝરાયેલની પીછેહઠ અથવા યુદ્ધવિરામના કોઈ સંકેતો સાથે, કટોકટી લાંબા સમય સુધી ચાલવાની શક્યતા નકારી શકાતી નથી. લાલ સમુદ્રમાં સક્રિય ભારતીય નૌકાદળ સહિત અનેક નૌકાદળ, હૌથી ચાંચિયાઓને કાર્ગો કેરિયર્સ કબજે કરતા અટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે ત્યારે ઉન્નતિની શક્યતાઓ પણ વધારે છે. જો કે, માલવાહક જહાજો પર લાલ સમુદ્રમાં વધુને વધુ ભયાવહ હૌથી હુમલાઓ ઉપર તેમની થોડી અસર થઈ હોવાનું જણાય છે.

# રાજ્યમાં 'નલ સે જલ' યોજનામાં કરોડોનો ભ્રષ્ટાચાર SITની રચના કરી તપાસ કરાવવા માંગણી કરાઈ



ગાંધીનગર, તા.૧૩

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ વિધાનસભા ગૃહમાં પ્રશ્નોતરી કાળ દરમ્યાન ચર્ચામાં આવેલ 'નલ સે જલ' યોજનામાં થયેલા રાજયવ્યાપી ભ્રષ્ટાચાર મુદે SITની તપાસ કરાવવાની માંગ ગૃહમાં સરકાર સમક્ષ કરી છે. અમિત ચાવડાએ જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રીએ આ દેશના લોકોને વર્ષ ૨૦૨૪ સુધી દરેક ઘરે નળથી જળ મળશે એવી જાહેરાત ૨૦૧૯માં કરી હતી. આજે ૫ વર્ષનો સમય થયો છે. આ ગુજરાતની ડબલ એન્જિન સરકારે આ પૈસામાંથી શું કર્યું એના પ્રશ્નોતરીના જવાબમાં જોવા મળ્યું કે છેલ્લા ૩ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી આ યોજના માટે ૭,૫૦૦ કરોડ રૂપિયા મળ્યા પણ ગુજરાતની સાચી જમીની હકીકત શું છે ? તો ઘરે ઘરે લોકોને નળથી જળ તો ના મળ્યું, નળ આયા પણ ક્યાંય નળમાં જળ ના આવ્યું, "પણ આ નળથી છળ મળ્યું" ગુજરાતના લોકો સ્પષ્ટ રીતે જોઈ રહ્યા છે. ગુજરાતમાં ચારેય તરફ આ 'નલ સે જલ' યોજનામાં ભ્રષ્ટાચાર વ્યાપક પ્રમાણમાં થઈ રહ્યો છે. તેમણે આ બાબતે ઉમેર્યું કે અમારા સિવાય આ મુદ્દે ભાજપના જ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે લેખિતમાં જાહેરમાં કીધું કે, આ યોજનામાં મોટા પ્રમાણમાં પૈસા ખવાઈ જાય છે ફક્ત કાગળ ઉપર કામ થાય છે. પંચમહાલ જિલ્લો હોય, દાહોદ જિલ્લો હોય કે મહીસાગર, વલસાડ જિલ્લો હોય આખા ગુજરાતના તમામ જિલ્લાઓમાં જે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે એ આંખે દેખાય છે તેમ છતાં સરકાર ચૂપ છે કારણ કે ક્યાંકને ક્યાંક આ ભ્રષ્ટાચારના પૈસા સરકારમાં બેઠેલા લોકો સુધી પણ પહોંચતા હશે એટલા જ માટે આ ભ્રષ્ટાચાર બાબતે સરકાર ચૂપ છે. તેમણે ઉમેર્યું કે, ફરિયાદ અને વિરોધ બાદ તપાસના નામે નાટક થયું કામો થયા કે નહીં તે અંગેની તપાસ કરનાર એજન્સીને પણ ૫ કરોડ રૂપિયા ચુકવ્યા. એક તો કામમાં પણ ભ્રષ્ટાચાર અને તપાસ કરવાના નામે પણ ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો. એટલે નળમાં જળ નથી મળ્યું ત્યારે આ અંગે ન્યાયીક તપાસ થવી જોઈએ. જે અધિકારીઓને, નાના નાના લોકોને તમે બદલી કરો છો કે સસ્પેન્ડ કરો છો એ પૂરતું નથી. આખા ગુજરાતમાં જ્યારે આ યોજનાનો ભ્રષ્ટાચાર વ્યાપક પ્રમાણમાં હોય તો SITસ્પેશ્યલ ઈન્વેસ્ટીગેટિંગ ટીમની રચના કરવામાં આવે અને આખા ગુજરાતના નલ સે જલ યોજનાના ભ્રષ્ટાચારની તપાસ થાય અને આ યોજનાના ભ્રષ્ટાચારના પૈસા જે મોટા લોકો સુધી પહોંચતા હોય એમને પણ જેલના સળિયા પાછળ નાખવા માટે SIT તરફથી તપાસ કરાવો એવી કોંગ્રેસ પક્ષ તરફથી તેમણે માંગણી કરી છે

# કાશ્મીરના ગુલમર્ગમાં આ શિયાળામાં બરફવર્ષા શા માટે થઈ નથી ?

(એજન્સી) તા.૧૩

કાશ્મીર ખીણમાં વર્ષ ૨૦૨૪માં ખૂબ જ અસામાન્ય પરિસ્થિતિ જોવા મળી રહી છે. જાન્યુઆરી મહિનામાં કડકડતી શિયાળાની ઋતુ વચ્ચે, ખીણમાં બરફવર્ષાને બદલે શુષ્ક વાતાવરણ જોવા મળી રહ્યું છે. અહી આવતા ઉત્સાહી પ્રવાસીઓ અને સ્થાનિક રહેવાસીઓ માટે આ પરિસ્થિતિ ચિંતાજનક છે. ખીણમાં હિમવર્ષાના ઘટાડાને લીધે પ્રવાસીઓની ઓછી સંખ્યા અને સંભવિત પાણીની અછત જેવી ચિંતાઓ પણ વધી છે, જે પર્યાવરણ અને રહેવાસીઓના રોજિંદા જીવન ઉપર દૂરગામી અસર કરી શકે છે. આ વર્ષે, ખીણના લોકપ્રિય પ્રવાસન સ્થળ ગુલમર્ગમાં પણ બરફવર્ષા ઓછી થઈ છે. આ સ્થિતિને કારણે લોકપ્રિય પર્યટન સ્થળો ઉપર હવામાન સૂકું રહ્યું છે. ગુલમર્ગ આવેલા પ્રવાસીઓ આ પ્રદેશના ઠંડા શિયાળાનો અનુભવ કરી ન શકતા હોવાથી નિરાશ થયા છે. જમ્મુ અને કાશ્મીરના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વરસાદના સ્તરમાં ઘટાડો થયો છે, અને ૧૪ જાન્યુઆરી સુધી કોઈ નોંધપાત્ર હવામાન ગતિવિધિની આગાહી કરવામાં આવી નથી અને ૯ જાન્યુઆરી દરમ્યાન સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. હાલની પરિસ્થિતિ વચ્ચે કાશ્મીર હવામાન કેન્દ્રના નિર્દેશકે જણાવ્યું હતું કે, સમગ્ર ડિસેમ્બર અને જાન્યુઆરીનું પહેલું અઠવાડિયું શુષ્ક રહ્યું છે. આગામી દિવસોમાં વધુ વરસાદની કોઈ



સંભાવના નથી. અહી હવામાન શુષ્ક રહી શકે છે. છેલ્લા ત્રણથી ચાર વર્ષથી વહેલી હિમવર્ષાની જે પેટર્ન હતી તે આ વર્ષે નથી. આ અલ નીનોની અસર છે અને તે નવેમ્બરથી ચાલુ છે અને આવતા મહિના સુધી ચાલુ રહી શકે છે. ખીણમાં હવામાન શુષ્ક રહેવાની ધારણા છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, પહાડી વિસ્તારોમાં સરેરાશથી ઓછી હિમવર્ષા જોવા મળી છે જ્યારે મેદાની વિસ્તારોમાં કોઈ હિમવર્ષા થઈ નથી. નિષ્ણાતો એવું પણ માને છે કે આ સ્થિતિથી કાશ્મીર ખીણમાં પાણીની અછત થઈ શકે છે અને તેનાથી સંભવિત ખાદ્ય કટોકટી ઊભી થઈ શકે છે. ગુલમર્ગની જેમ પહેલગામ અને સોનમર્ગ જેવા પર્યટન સ્થળો ઉપર પણ શિયાળામાં બરફવર્ષા થઈ નથી.

# ધો.૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષાની હોલટિકિટ વેબસાઈટ ઉપર અપલોડ કરાઈ

અમદાવાદ,તા.૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સના પ્રાયોગીક વિષયોની પરીક્ષાની હોલ ટિકીટ વેબસાઈટ ઉપર અપલોડ કરી દીધી છે. જેથી શાળાઓએ હોલ ટિકીટ ડાઉનલોડ કરી વિદ્યાર્થીઓને આપવાની રહેશે. ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થનારી આ પરીક્ષા ૨૭ ફેબ્રુઆરી સુધીમાં પુર્ણ કરવાનું આયોજન કરાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સના મહત્વના વિષયોની પ્રયોગીક પરીક્ષા શિક્ષણ બોર્ડ દ્વારા જ લેવામાં આવતી હોય છે. આ વખતે આ પ્રાયોગીક પરીક્ષા ૧૯ ફેબ્રુઆરીથી ૨૭ ફેબ્રુઆરી દરમ્યાન લેવાની જાહેરાત કરવામાં આવી છે. બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલા કાર્યક્રમ અનુસાર જ ધોરણ-૧૨ સાયન્સની પ્રાયોગીક પરીક્ષા શરૂ કરવા માટે સ્કૂલોને સુચના આપવામાં આવી છે. ૧૯ ફેબ્રુઆરી શરૂ થનારી પ્રાયોગીક પરીક્ષા ૯ દિવસમાં પુર્ણ થશે. શિક્ષણ બોર્ડ દ્વારા સાયન્સની પ્રાયોગિક પરીક્ષાની હોલ ટિકીટ વેબસાઈટ ઉપર અપલોડ કરી દીધી છે. જેથી સ્કૂલો હોલ ટિકીટ ડાઉનલોડ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. શાળા દ્વારા શાળાનો ઈન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈડી દ્વારા લોગીન કરી હોલ ટિકીટ ડાઉનલોડ કરી શકાશે. હોલટીકીટની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના માર્ચ ૨૦૨૪ પરીક્ષાના આવેદનપત્ર મુજબના વિષયો-માધ્યમની ખરાઈ કરીને તેમાં પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ આચાર્યના સહી-સિક્કા કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. હોલટીકીટ સાથે ઓનલાઈન મૂકવામાં આવેલા પ્રવેશપત્ર વિતરણ યાદીની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીને હોલટીકીટ આપ્યા બદલની સહી પરીક્ષાર્થી પાસેથી લેવાની રહેશે. પરીક્ષાર્થીના વિષયો, માધ્યમ કે અન્ય કોઈ વિગતમાં વિસંગતતા જણાય તો બોર્ડની કચેરી ખાતે જરૂરી આધારો સાથે કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં તાત્કાલિક સંપર્ક કરવા માટે સુચના અપાઈ છે.

# લોકસભાની ચૂંટણી પૂર્વે ગુજરાતના વરિષ્ઠ પોલીસ અધિકારીઓની બદલીની ગણાતી ઘડીઓ

અમદાવાદ, તા.૧૩

લોકસભા-૨૦૨૪ની ચૂંટણીને લઈને પોલીસ વિભાગમાં મોટા અધિકારીઓની બદલીને લઈને છેલ્લા ઘણા અઠવાડિયાથી ચર્ચા ચાલી રહી છે. સમયાંતરે, મીડિયા અને સોશિયલ મીડિયામાં એવી માહિતી આપવામાં આવે છે કે અધિકારીઓની બઢતી અને બદલીઓ ટૂંક સમયમાં થશે. જોકે, આ ફેરફારો ક્યારે થશે તે ખુદ ગૃહ વિભાગના અધિકારીઓને પણ ખબર નથી. કારણ કે, કેટલાંક મહત્વના હોદ્દા ઉપર કયા અધિકારીની નિમણૂક કરવી અને કોની બદલી કરવી તેનો નિર્ણય દિલ્હીથી લેવામાં આવે છે. હવે જોવાનું એ રહે છે કે ફેરફાર અને વધારાના આદેશને દિલ્હીમાંથી ક્યારે મંજૂરી મળશે.

ચૂંટણી પંચના નિયમ મુજબ ફેરફારો કરવામાં વિલંબની ઘટના નવી નથી. ભૂતકાળમાં ઘણી વખત વરિષ્ઠ પોલીસ અધિકારીઓના પ્રમોશન અને ટ્રાન્સફરમાં વિલંબ જોવા મળ્યો છે અને આ કોઈ નવી વાત નથી. એક ચર્ચા મુજબ, ગૃહ વિભાગે રાજ્ય પોલીસ દળમાં ડીવાયએસપી અને આઈપીએસ અધિકારીઓની બદલી માટે સમય માંગ્યો હતો અને તેનો સમયગાળો પૂરો થયો હતો. ગુજરાત સરકારમાં અનેક વિભાગો અને અધિકારીઓ છે, પરંતુ સૌથી વધુ ચર્ચા પોલીસ વિભાગ અને તેના અધિકારીઓની છે. ચા વિક્રેતાથી લઈને વેપારી સુધીના લોકો કયા પોલીસ અધિકારી આવશે અને તેમના વિસ્તારમાં કોણ જશે તેની ચર્ચા કરતા જોવા મળે છે. પોલીસ અધિકારીઓની બઢતી અને બદલીમાં રસ લેવામાં વહીવટદારો મોખરે છે. નવા અધિકારી પાસેથી સુગમ વહીવટ મેળવવા માટે વહીવટકર્તાઓ અધિકારીની બઢતી અને બદલીની શક્યતાઓને ધ્યાનમાં રાખીને લોબીંગ શરૂ કરે છે. બદલીઓની વાતો શરૂ થતાં જ પોલીસ અધિકારીઓ હોદ્દો જાળવી રાખવા કે મેળવવા માટે સક્રિય થઈ જાય છે. અધિકારીઓ તેમની પસંદગીના હોદ્દા મેળવવા અને જાળવી રાખવા માટે સ્પર્ધામાં વ્યસ્ત રહે છે અને તેની સીધી અસર જાહેર બાબતો અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉપર પડે છે. જિલ્લા પોલીસ વડા, રેન્જ ડીઆઈજી-આઈજી અને વધુ મહાનિર્દેશક કક્ષાના અધિકારીઓ ગાંધીનગરમાં અને તેમના ઉપરી અધિકારીઓની કોર્ટમાં અલગ-અલગ બહાના હેઠળ દોડધામ કરવા લાગ્યા છે. વરિષ્ઠ પોલીસ અધિકારીઓની ગેરહાજરી જાહેર ફરિયાદોના નિરાકરણ ઉપર સીધી અસર કરે છે. સાથે જ તેમની ગેરહાજરીનો ભોગ તેમના આદેશ હેઠળના અધિકારીઓ અને કર્મચારીઓ પણ ભોગવે છે. મોટા ભાગના અધિકારીઓ પોતાનુ નામ સંભવિત બદલીની યાદીમાં આવશે તેવા ડરથી નીતિવિષયક નિર્ણયો લેવાનું ટાળી રહ્યા છે. ગુજરાત પોલીસમાં ACB વડાની જગ્યા ખૂબ જ મહત્વની છે. આ જગ્યાઓ છેલ્લા બે વર્ષથી વધારાના ચાર્જ ઉપર ચાલી રહી છે. હોદ્દો મહેસાણા જિલ્લા પોલીસ વડા અચલ ત્યાગી અને આણંદ જિલ્લા પોલીસ વડા પ્રવીણ કુમાર કેન્દ્રમાં પ્રતિનિયુક્તિ ઉપર ગયા હોવાથી આ જગ્યાનો હવાલો સંભાળે છે. આ ઉપરાંત એડિશનલ ડીજી સ્ટેટ મોનિટરિંગ સેલ સહિત અડધો ડઝનથી વધુ ખાલી હોદા ચાર્જ ઉપર ચાલી રહ્યા છે. અજય તોમરની નિવૃત્તિને કારણે સુરત પોલીસ કમિશનરનું પદ ખાલી છે. આ મહત્વની પોસ્ટ ઉપર નિમણૂક મેળવવા માટે વરિષ્ઠ IPS અધિકારીઓ છેલ્લા કેટલાક અઠવાડિયાથી પ્રયાસ કરી રહ્યા છે. આ ઉપરાંત અમદાવાદ રેન્જના અમદાવાદ ગ્રામ્ય એસપી અને ડીસીપી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સ્થાને કોની નિમણૂક કરવામાં આવશે તેનો નિર્ણય દિલ્હીના નેતાઓ લેશે. વી. ચંદ્રશેખરની સીબીઆઈમાં પ્રતિનિયુક્તિ ઉપર અમદાવાદ રેન્જના ડીઆઈજી પ્રેમવીર સિંહની ખાલી પડેલી સુરત રેન્જમાં નિમણૂક નિશ્ચિત માનવામાં આવે છે. અમદાવાદ ગ્રામ્ય એસપી અમિત વસાવા સીબીઆઈમાં ડેપ્યુટેશન ઉપર ગયા હોવાથી તેમની જગ્યા ખાલી છે. જ્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ચૈતન્ય માંડલિકનો કાર્યકાળ પૂર્ણ થયો છે

# ફ્રાન્સના કેરેબિયન ટાપુ ઉપર ગુમ થનારા ૯ લોકો તેમજ તેમના પરિવારની ભારત સરકાર પાસે કોઈ માહિતી નથી

અમદાવાદ, તા.૧૩

ફ્રાન્સના કેરેબિયન ટાપુ ઉપર ગુમ નવ ગુજરાતીનો હાલ કોઈ પત્તો મળતો નથી. ત્યારે આ અંગે પણ તેમના પરિવાર અને ભારત સરકાર પાસે કોઈ માહિતી નથી. આ નવ લોકો ઉત્તર ગુજરાતના હતા. તેમના પરિવાર સાથે છેલ્લો સંપર્ક ગત ફેબ્રુઆરીમાં થયો હતો અને હવે તેઓ ક્યાં છે એનું રહસ્ય ઘૂંટાઈ રહ્યું છે. બળવંતસિંહના. ગાંધીનગર જિલ્લામાં આવેલા નારદીપુર ગામના આ ખેડૂતે પોતાના દીકરાને વિદેશ જવાનાં સપનાં માટે જે પણ થઈ શકે એ બધું કર્યું. ખેતીમાં મહેનત કરી લોહી રેડી મૂડી ભેગી કરી, એજન્ટ શોધ્યા અને દીકરાનું સપનું પૂરૂં કરવામાં કોઈ કચાસ ના રાખી, પણ આજે તેમના પસ્તાવો કોઈ પાર નથી. આશરે ૨૫ વર્ષ ઉપરનો ધ્રુવ જાન્યુઆરી ૨૦૨૩માં ગુજરાતથી નીકળ્યો હતો. એવું માનવામાં આવે છે કે તે બીજા ૮ ગુજરાતી સાથે યુએસમાં ગેરકાયદે પ્રવેશ કરવાનો હતો, પણ ફ્રાંસની અંદર આવતા કેરેબિયન ટાપુથી આગળ જઈ શક્યા નહીં. 'મેં મારી દીકરીને એક વર્ષથી જોઈ નથી. અવાજ પણ સાંભળ્યો નથી' આ શબ્દો છે નારદીપુરથી ૭ કિલોમીટર દૂર આવેલા સરઢવ ગામના રહેવાસી મનીષાબેનના. તેમની દીકરી અવનિ પણ ધ્રુવ સાથેના ગ્રુપમાં જ હતી. એક વર્ષથી તે કયાં છે, કેવી હાલતમાં છે એની કંઈ ખબર નથી. માતાનાં આંસુ દીકરીની રાહમાં સુકાયાં નથી અને પિતા વિવશ છે. આ કેસમાં તપાસ ચાલુ છે, કોર્ટે કાર્યવાહી પણ ચાલુ છે. સરકાર મદદ કરી રહી છે. અહીંથી પણ બે વકીલો ત્યાં જશે. જો ગુમ થયેલા લોકો મળી જાય તો તેમના પરિવારને અપાર ખુશી થશે. લાપત્તા ૯ ગુજરાતી ગાંધીનગરથી લઈ સાબરકાંઠા સુધીના ઉત્તર ગુજરાતના રહેવાસી છે. કબૂતરબાજી કે જેમાં એજન્ટ ઊંચું કમિશન લઈ ગેરકાયદે એન્ટ્રી કરાવી આપે છે, એના માટે મહેસાણાનું ડિંગુચા ગામ કેન્દ્રબિંદુ છે. ૩૩ વર્ષીય અવનિ BCA ડિગ્રી ધરાવે છે અને સોફટવેર ઈન્ડસ્ટ્રીમાં કામ કરવા માગે છે. યુએસએ સોફટવેર એન્જિનિયર માટે સ્વર્ગ સમાન ગણાય છે, પણ મનીષાબેન કહે છે, અવનિ ૨ મહિના ફ્રાંસ ફરવા જ ગઈ હતી. ડિસેમ્બર ૨૦૨૩માં ૬૬ ગુજરાતીને ફ્રાન્સના વેટ્રી એરપોર્ટ ઉપરથી ત્યાંની સરકારે ભારત પરત મોકલ્યા હતા કારણ કે, ફ્રાન્સની સરકારે તેમને ત્યાંથી શંકાસ્પદ ઈમિગ્રેશનના કેસમાં આગળ જવા દીધા ન હતા. જો કે ગુમ થયેલા ગુજરાતીઓના પરિવાર એવું કહી રહ્યા છે કે તેઓ ફરવા ગયા હતા, પણ આ દેખીતી રીતે કબૂતરબાજીનો કેસ જણાય આવે છે. આ બાબતે નવમાંથી એક વ્યક્તિની પત્ની ચેતનાબેન રબારીએ ગત જુલાઈમાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે તેમના પતિ ગુમ છે. આ સાથે બીજા ત્રણ પરિવારે હાઈકોર્ટમાં અરજી કરી સરકારની મદદની માંગ કરી છે. હાઈકોર્ટમાં ચાલી રહેલા કેસમાં ગત ડિસેમ્બરમાં પરિવારજનોના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે વિદેશ મંત્રાલય તપાસ તો કરી રહ્યું છે, પરંતુ ફ્રાન્સ સરકાર ગેરકાયદે રીતે આવેલા લોકોની જાણકારી આપતા નથી. આ સાથે પરિવારજનો એવો પણ દાવો કરે છે કે ગુમ થયેલી વ્યક્તિઓ પાસે ફ્રાન્સના ટૂરિસ્ટ વિઝા હતા તો તેઓ ગેરકાયદે રીતે ઘૂસ્યા એવું કઈ રીતે કહી શકાય ?

# આજે તા. ૧૩ ફેબ્રુઆરી ‘વિશ્વ રેડિયો દિવસ’

## રેડિયો વગર મને જરાપણ ન ચાલે, મને એનું એવું બંધાણ થઈ ગયું છે કે રેડિયો વગર રહી જ ન શકું’ - માલદે દાસા મેરઃ રેડિયો સંગ્રાહક પ્રેમી

## મારી પાસે બે જુના રેડિયાઓ છે, અને ઘરમાં ટીવી હોવા છતાં જયાં સુધી રેડિયો ન સાંભળું ત્યાં સુધી મને ચેન ન પડે : દિનેશ વૈદ્ય, રેડિયો પ્રેમી







(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૩

આજે ૧૩ ફેબ્રુઆરી સમગ્ર વિશ્વ ‘વિશ્વ રેડિયો દિવસ’ ઉજવી રહયું છે. ત્યારે એ જાણીને પણ આશ્ચર્ય થશે કે આજના ટીવીના અદ્યતન યુગમાં પણ રેડિયોના શ્રોતાઓ સોમનાથ-વેરાવળમાં ડગ્યા નથી.

વેરાવળના ૬૦ ફુટ રોડ ઉપર આવેલ યોગેશ્વર સોસાયટીમાં રહેતા માલદે દાસા મેર અજબો-ગજબના રેડિયો ચાહક છે. તેના ઘરમાં ૧૫૦ થી વધુ દેશ વિદેશ અને ભાત-ભાતના ચાલુ હાલતમાં રેડિયાઓ છે. બલ્કે તેનું ઘર રેડિયાઓનું આશિયાના છે.

માલદેભાઈ કહે છે કે મને રડિયા વગર જરાય ન ચાલે, મને એનું એવું બંધાણ થઈ ગયું છે કે નહાતા-ધોતા કે સુતા પહેલા મારા ઘરમાં રેડિયો વાગતો જ હોય. મારા કોલર ટયુનમાં પણ જુના સમયમાં આકાશવાણી કે દુરદર્શનમાં કેન્દ્ર શરૂઆત થાય ત્યારે જે ટયુન વાગતી હોય તે જ મેં મારા મોબાઈલમાં આજે પણ રાખી છે.

મારી પાસે રેડિયોના જે કલેકશન છે તેમાં શાર્પ, ઝેનીથ, નેશનલ પાનાસોનીક, બુશ, મરફી, ફિલીપ્સ હોલેન્ડ, **Gruding** જર્મની એવાતો કેટલાય બધા છે. વિદેશના કે દુરના રાજયોના રેડિયો સ્ટેશનો સંભળાય તે માટે મારી અગાસી ઉપર જુના જમાનામાં ટીવીના એન્ટેના હતા તેવું રેડિયો પ્રસારણ સાંભળવાનું એન્ટેના મેં મોટી રકમ ખર્ચીને ખાસ ઓરિસ્સાથી મંગાવીને ફીટ કરાવેલ છે. રેડિયો મારૂં પ્રાણવાયુ છે. મારી ઉંમર જયારે ૧૪ વર્ષની હતી ત્યારથી મને રેડિયો કાર્યક્રમોમાં રસ હતો અને પોતાની કમાણીમાંથી જ રેડિયો લેવાની મારી જીદ હતી.

આ માટે વેકેશનમાં હું રોજગારી મેળવવા ગયો તો ત્યાં કહેવાયું કે ૧૮ વર્ષની ઉપર ઉંમર હોય તો જ નોકરી મળે. મારે મારૂં સ્વપ્ન પુરૂં કરવું હતું તેથી ખોટું બોલ્યો કે મને અઢાર વર્ષ થઈ ગયા છે. અને એક દિવસનું રોજ રૂપિયા દશ ઠરાવાયું અને તે સમયે રેડિયોની કિંમત રૂા.૨૪૦ હતી અને ૨૪૦ રૂપિયા જેટલું રોજ મળી જતાં મેં રોજગારી છોડી દીધી અને દોડતી સાયકલે રેડિયોની દુકાને રેડિયો લેવા દોડયો અને જયારે ખરીદયો ત્યારે જાણે વર્લ્ડ કપ જીત્યો હોય તેટલો આનંદ થયો.

રેડિયોના એફએમ સ્ટેશનો વેરાવળમાં ન હતા ત્યારે છેક રાજકોટ સુધી ખાસ વિવિધભારતી રેડિયો સાંભળવા વહેલી સવારની ચાર વાગ્યાની ટ્રેનમાં રાજકોટ જતો અને ટ્રેનની બારી પાસે એન્ટેના રાખતો અને ગોમટાથી આગળ વધતા ગોંડલ આવે ત્યારે સંભળાતું અને રાજકોટમાં સરખી રીતે સંભળાતું આવો ક્રમ વર્ષો સુધી ચાલુ રાખ્યો.

વેરાવળમાં એફએમ રેડિયો સ્ટેશન થાય તેની ઝુંબેશ મારા સાથીદાર મિત્રોના સાથ થકી ૫૦૦૦ જેટલા પોસ્ટકાર્ડ વડાપ્રધાન, પ્રસારણ મંત્રીને લખ્યા હતા તે પ્રયાસો અને તેઓના સહકારથી આજે વેરાવળમાં એફ.એમ. રેડિયો સ્ટેશન છે.

તમને એમ થતું હશે કે આટલા બધા રેડિયો અને તેની જાળવણી કેમ થતી હશે? કારણ કે વપરાશ વગરના રહે તો બંધ પડી જાય આથી દર રવિવારથી એક વીક જુદા જુદા રેડિયોમાં બેટરી નાખી દરેકને વાગતા રાખું છું.

રેડિયો મારી દવા છે. કારણ કે મને પથરીની બિમારી કે અન્ય હતાશા થાય ત્યારે જે કામ દવાખાનામાં ડોકટર ન કરી શકે તે કામ હું રેડિયો શાંતિથી સાંભળું એટલે મારી પીડા દુર થઈ જાય છે. રેડિયો ખરીવા હું છેક દુબઈ સુધી ખર્ચો કરીને ગયેલ છું. જયાં અમે રાત્રીના અઢી વાગ્યે પહોંચ્યા ત્યારે ત્યાં મને રીસીવ કરવા આવેલ સ્વજનને કહી દીધું કે મારે રેડિયો ખરીદવો છે. તેઓએ કહેલ કે અત્યારે દુકાનો બંધ હોય, પણ મારો સ્પષ્ટ નિર્ણય હતો કે હું દુબઈ ઉંચી ઈમારત જોવા નથી આવ્યો પણ રેડિયો ખરીદવા માટે આવેલ છું અને બીજે દિવસે સવારે રેડિયો ખરીદી ભારત પરત આવ્યો. આજે મારી ઉપર બાવન વર્ષની છે પરંતુ વર્ષ ૨૦૧૨ થી અને નાનપણથી રેડિયો જ મારા રમકડા કે રમત હતી. આજે પણ કોઈ પાર્ટ ખોટવાય છે તો છેક મુંબઈ, અમદાવાદ રીપેરીંગ કરાવવા જાઉ છું.

વેરાવળ વિદ્યુતનગર સોસાયટીમાં રહેતા દિનેશ વૈદ્યની દૈનિક ક્રિયા રેડિયોના જુના ગીતો અને વિવિધ ભારતી સાંભળવાની છે. તેને માટે બે રેડિયો રેડિયો વીથ ટેપ વસાવેલા છે જે આજેય જતનપુર્વક જાળવી રાખી નિયમીત રેડિયો સાંભળે છે.

# પરમ પુજય સિદ્ધ આચાર્ય શ્રી યોગી પ્રભુનાથજી મહારાજ (સિંઘ-કક્કડ)ની ૫૫ મી વરસી મહોત્સવ તા. ૨૪-૨૫ ફેબ્રુઆરીનાં રોજ યોજાશે



જૂનાગઢ તા. ૧૩

પરમ પુજય સિદ્ધ આચાર્ય શ્રી યોગી પ્રભુનાથજી મહારાજ (સિંઘ-કક્કડ) ની ૫૫ મી વરસી મહોત્સવ દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૪/૨/૨૦૨૪ શનિવાર અને તા.૨૫/૨/૨૦૨૪ રવિવારે ધામધુમથી ડીજે સાથે મઠાધીશ શ્રી ૧૦૦૮ પીર ડો. શંકરનાથ યોગીજી મહારાજની ઉપસ્થિતિમાં ઉજવામાં આવશે. આ શુભ પાવન વરસી મહોત્સવ નિમિત્તે દેશ વિદેશથી સનાતન ધર્મની જય કરવા માટે સતી સેવકોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

વરસી મહોત્સવ કાર્યક્રમ તા.૨૩/૨/૨૦૨૪

ગુરૂજીનો ભવ્ય વેલકમ ડીજે સાથે સમય સાંજે ૭:૦૦ સહજાનંદ થી આશિયાના સોસાયટી, આદર્શ નગર-૨, આદર્શ નગર-૧ ને ગુરૂજીના સ્થાન પર ગુરૂજી આશિર્વાદ અને ભંડારો આદર્શનગર-૧ વિશાલ એપાર્ટમેન્ટની બાજુમાં ‘‘સોમનાથ કૃપા’’

વરસી કાર્યક્રમ તા.૨૪/૨/૨૦૨૪

હવન સવારેઃ- ૧૦:૩૦ વાગે ગુરૂજીનો સ્વાગત સાંજે ૭ વાગે

કન્યા ભોજન બપોરેઃ-૧:૩૦ વાગે રંગારંગ કાર્યક્રમ સાંજેઃ-૭:૩૦ વાગે

ભંડારો બપોરેઃ-૨:૦૦ વાગે ગુરૂજીનો જન્મોત્સવ રાત્રેઃ૯:૩૦ વાગે, જનોઈ બપોરેઃ- ૩:૦૦ વાગે ભંડારા સાહેબ રાત્રેઃ-૧૦:૦૦ વાગે

નયન. એલ. કેશવાણી મનીષ. એલ. કેશવાણી

ભવ્ય શોભાયત્રા સવારેઃ-૧૦:૦૦ વાગે જુલોલાલ વાડીથી સોનાપુર સુધી (ડીજે સાથે) નાથજીનો ભંડારો બપોરેઃ-૧:૩૦ વાગે ભંડારા સાહેબ બપોરેઃ૨:૦૦ વાગે

સોનપુર કાર્યક્રમ ભજન, કીર્તન, મહાઆરતી પલ્લવ સાંજેઃ-૪:૦૦ વાગે

શ્રી સોમનાથ ધામ, આગ્રા ગદીપતી

શ્રી ૧૦૦૮ પીર ડો. શંકરનાથ યોગીજી, ગુરૂ ચેલા

યોગી જહાજનાથજી, યોગી રૂદ્રનાથજી, વિશ્વનાથજી, મનીષનાથજી

સ્થળઃ- ઝુલેલાલ વાડી કુલીયા હનુમાન રોડ, ગિરનાર દરવાજા જૂનાગઢ

શ્રી સિદ્ધ ઠાકુરનાથ સેવા સમિતિ જૂનાગઢ

વધુ વિગત માટે પરસોતમ. જે. રામવાણી

મો. ૮૧૬૦૭૧૯૬૪૬ નો સંપર્ક સાધવા યાદીમાં જણાવેલ છે.

# પોરબંદરના માધવપુર ઘેડ ગામે ડો.આંબેડકર ચોકમાંથી દબાણ હટાવવા તંત્રની લાલીયાવાડી

## અનેક વખત લેખિત –મૌખિક રજુઆતો કરવા છતાં કોઈ પગલા લેવામાં આવેલ નથી

(શાંતિલાલ મેવાડા દ્વારા)

માધવપુર ઘેડ તા. ૧૩

પોરબંદર તાલુકાના માધવપુર ઘેડ ગામે ડો.આંબેડકર ચોક આવેલો છે. આ ચોકની જમીન હડપ કરી જવાના ઈરાદે અને આંબેડકર ચોકનું નામોનિશાન મિટાવી દેવાના હેતુથી અહીં રહેતા કિરીટ ભગવાનજી ઠકરાર નામના શખ્સએ ચોકની વચોવચ્ચ ગેરકાયદેસર પાકી દુકાનનું બાંધકામ કરેલ છે. જેનો અગીયાર વર્ષ જેટલો સમય થઈ ગયેલ છે. આ બાંધકામ કરવા અંગે કોઈ મંજુરી લેવામાં આવેલ નથી. આ અંગે જે તે સમયે માધવપુર ગામના સામાજીક કાર્યકર અને અગ્રણી શાંતિલાલ મેવાડા દ્વારા ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી મંત્રી તેમજ જીલ્લા કલેકટર સહિત ઉચ્ચકક્ષાએ રજુઆતો કરવામાં આવેલી છે. તેમ છતાં આ ગેરકાયદેસર બાંધકામ દુર કરવા કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવેલ નથી. જેથી અગ્રણી શાંતિલાલ મેવાડાએ ફરી વખત ઉપરોકત દબાણ દુર કરવા પોરબંદર જીલ્લા કલેકટરને રજુઆત કરી છે. અને સરકારી જમીન પચાવી પાડવા બાબતે લેન્ડ ગ્રેબીંગ સહિતની કાર્યવાહી કરવા માંગણી કરી છે. તેમજ માધવપુર અનુ.જાતિના યુવાનો અને સામાજીક કાર્યકરો દ્વારા આગામી તા.૧૪-૪-૨૪ ના ડો.બાબા સાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતિ નિમીત્તે આંબેડકર ચોકમાં ડો.આંબેડકર સાહેબની પ્રતિમા મુકવાનું નકકી કરવામાં આવેલ છે. જેથી તાત્કાલીક ધોરણે માધવપુર ગામે આંબેડકર ચોકમાં રોડની વચ્ચે કરવામાં આવેલ ગેરકાયદેસર દબાણ દુર કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

# અદાણી પોર્ટસને ક્લાયમેટ સુધારણા માટે ટોચનું સ્થાન પ્રાપ્ત

## અહેવાલમાં એકંદર ESG મૂલ્યાંકન અને વ્યૂહરચના સમીક્ષામાં પ્રથમ રેન્ક હાંસલ કરી

અમદાવાદ, તા.૧૩

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ.એ ચાર આંતરાષ્ટ્રીય રેટિંગ એજન્સીઓ દ્વારા કરવામાં આવેલા મૂલ્યાંકનમાં કંપનીનેક્લાયમેટ સુધારણાના પગલાઓ અને પર્યાવરણીય કામગીરી બદલ ટોચનું સ્થાન હાંસલથયું છે,અદાણી પોર્ટસએ હવામાન પ્રદુષણમુકત થવા માટેની પોતાની પ્રતિબધ્ધતા દર્શાવી છે.અદાણી પોર્ટ્સને આબોહવા પરિવર્તનના જોખમો અને અનુરૂપ તકોને પૂર્ણ કરવા બદલ **CDP** એ નેતૃત્વ બેન્ડ **"A-"** મળ્યું છે. પ્રવર્તમાન શ્રેષ્ઠ પદ્ધતિઓના અમલીકરણમાં કંપનીના આયામોને માન્યતા આપી.અદાણી પોર્ટસએ વૈશ્વિક લિસ્ટેડ માર્કેટ કેપના અડધાથી વધુ મૂલ્ય ધરાવતી તેમજ USD ૧૩૬ ટ્રિલિયનથી વધુના AUMનું પ્રતિનિધિત્વ કરતા રોકાણકારો સાથેની ૨૩ હજાર કંપનીઓ વતી CDP દ્વારા કરવામાં આવેલા મૂલ્યાંકનમાં ભાગ લીધો હતો. APSEZ ને તેની ઉત્સર્જન ઘટાડવાની પહેલ, કલાયમેટ ગવર્નન્સ અને જોખમ વ્યવસ્થાપન પ્રક્રિયાઓ માટે "છ" નું સર્વોચ્ચ રેટિંગ મળ્યું છે. નોંધનીય છે કે દર વર્ષે બહુ જુજ કંપનીઓ લીડરશીપ બેન્ડમાં સ્થાન પ્રાપ્ત કરે છે. દરિયાઈ સમુદ્ર, હવાઈ, માર્ગ અને રેલ ટ્રાન્સપોર્ટ, લોજીસ્ટિક્સ, વિશાળ ટ્રાન્ઝીટ અને અન્ય પરિવહન વ્યવસાયો સહીતની પરિવહનના આંતર માળખા ક્ષેત્રની દુનિયાની ૩૨૪ જેટલી કંપનીઓમાં અદાણી પોર્ટસને પર્યાવરણીય પરિમાણમાં પણજી&P ગ્લોબલ CSA ૨૦૨૩ **(DJSI)** દ્વારા ટોચનું સ્થાન આપવામાં આવ્યું છે. આબોહવા સૂચકાંકો અને વ્યૂહરચના ઉપર પર્યાવરણીય આધારસ્તંભ ૫૬% ભાર આપે છે, જેમાં **APSEZ** એ સતત ત્રીજા વર્ષે ટોચનું સ્થાન હાંસલ કરવા માટે તેના સ્કોરમાં સુધારો કર્યો છે. અદાણી પોર્ટસ વૈશ્વિક સ્તરે એકંદર ESG આકારણી પરત્વે ૯૬ પર્સેન્ટાઈલ સ્કોર સાથે આ ક્ષેત્રની ટોચની ૧૫ અગ્રણી કંપનીઓમાં સ્થાન ધરાવે છે અને આ યાદીમાં સ્થાન મેળવનાર દેખીતી રીતે તે એકમાત્ર પોર્ટ ઓપરેટર છે.

# સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ (SUVM) દ્વારા આયોજીત ત્રિ-દિવસીય "આંતરરાષ્ટ્રીય વેપાર મેળા"નો રાજકોટ ખાતે પ્રારંભ

## આગામી એપ્રિલ ૨૦૨૪માં ઝિમ્બાબ્વે ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ ટ્રેડ ફેરમાં ઉદ્યોગકારોને આમંત્રણ આપતાં ઝિમ્બાબ્વેના ડેપ્યુટી મિનિસ્ટર ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ કોમર્સ શ્રી આર.કે.મોદી



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૧૩

સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ **(SVUM)** દ્વારા તા. ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી સુધી એન.એસ.આઈ.સી. ગ્રાઉન્ડ, ૮૦ ફૂટ રોડ, રાજકોટ ખાતે આયોજિત ત્રિ-દિવસીય "આંતરરાષ્ટ્રીય વેપાર મેળા"નો પ્રારંભ મૂળ ભારતીય અને હાલ ઝિમ્બાબ્વેના ડેપ્યુટી મિનિસ્ટર ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ કોમર્સ શ્રી આર.કે.મોદીના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો.

આ તકે ઝિમ્બાબ્વેના આર.કે.મોદીએ આ વેપાર મેળાના આયોજકોની પ્રશંસા કરતા ઝિમ્બાબ્વેમાં રહેલી ઉદ્યોગોની તકો અને સરકારની નીતિ જણાવી ઉદ્યોગકારોને રોકાણ કરવા આમંત્રિત કરી પ્રોત્સાહન પૂરું પાડતાં જણાવ્યું હતું કે, આવા આયોજનો થકી બંને દેશો વચ્ચેના સંબધો વધુ મજબૂત થશે. ઝિમ્બાબ્વે વ્યવસાયિકો માટે ખુલ્લું છે. દેશમાં ઘણી તકો છે, ખાસ કરીને સ્માર્ટ એગ્રીકલ્ચર, એગ્રો-પ્રોસેસિંગ, કૃષિ ક્ષેત્ર, ખાણકામ અને ખનિજ ક્ષેત્રમાં સરકારની પ્રોત્સાહક નીતિના કારણે વિપુલ તકો છે, ત્યારે ઝિમ્બાબ્વેમાં વિવિધ શૃંખલાઓમાં રોકાણ કરવા માટે રોકાણકારો, વ્યવસાયિકોને આમંત્રણ આપું છું. આગામી એપ્રિલ ૨૦૨૪માં ઝિમ્બાબ્વે ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ ટ્રેડ ફેરમાં આવવા માટે પણ તેમણે ઉદ્યોગકારોને આમંત્રણ પાઠવ્યું હતું.આ પ્રદર્શનમાં પધારેલા ઝીમ્બાબ્વેના એમ્બેસેડર ડો. ચીપરે, યુગાન્ડાના હાઈ કમિશ્નર પ્રોફેસર જોયે કીકાકૂન્દા, રવાન્ડાના હાઈ કમિશ્નર મિસિસ જેકોલીન મુકાંગીરા, કોંગોના ટ્રેડ કાઉન્સેલ મિસ્ટર ગેબ્રિઅલ ઈટાઉં, બાંગ્લાદેશના કાઉન્સેલર મિસ્ટર એમડી અબ્દુલ વાહુદએ પોતાના દેશમાં રહેલી રોજગારીની તકો, સરકારની નીતિઓ, આવકનાં સ્ત્રોત સહિતની જાણકારી પૂરી પાડી વ્યવસાયિકોને વિદેશમાં રોકાણ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.સૌરાષ્ટ્રમાં આવવાથી હર્ષની લાગણી અનુભવતા ઝિમ્બાબ્વેનાં ઉદ્યોગપતિ મેતુંઝી નકોસાનાએ જણાવ્યું હતું કે, ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચેના વ્યાપારિક સંબંધો વધુ ગાઢ બને તે દિશામાં સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગમાં મંડળ દ્વારા આયોજિત એક્સપો ખૂબ ઉપયોગી અને મહત્વપૂર્ણ છે.આ અવસરે સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળના પ્રમુખશ્રી પરાગ તેજુરાએ વિદેશથી પધારેલા તમામ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી પ્રાસંગિક ઉદબોધન કરી વ્યવસાયિકોને આ પ્રદર્શનની મુલાકાત લેવા અનુરોધ કરતાં ઉમેર્યું હતું કે, નાના ઉત્પાદકોને પણ નિકાસ વેપારની તક મળે, તે માટે આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનું આયોજન સમયાંતરે કરવામાં આવી રહ્યું છે. નવા સ્ટાર્ટઅપ શરૂ થાય, તે માટે સરકાર ઉદ્યોગ નીતિને પણ ખૂબ આકર્ષક બનાવી રહી છે. બીજી તરફ વધુને વધુ નિકાસ થાય તે હેતુસર વિદેશી કંપનીઓને પણ રાજકોટ-સૌરાષ્ટ્રમાં આવકારમાં આવી રહી છે.યુવા અગ્રણીશ્રી જય શાહએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, સરકાર ઉદ્યોગોને વિકસિત કરવા દેશનું આયાત ભારણ ઘટાડી નિકાસ માટે વધુ પ્રોત્સાહન આપે છે, ત્યારે આવા મેળાઓમાં ઉદ્યોગકારોની મુલાકાત થાય અને દેશો વચ્ચે અરસ-પરસવ્યાપારિક સંબંધો મજબૂત બને, તે દિશામાં કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે.આ પ્રદર્શનમાં મોરબી સિરામિક, જામનગર બ્રાસ પાર્ટસ, જેતપુર ટેક્ષટાઈલ, રાજકોટના મશીન ટૂલ્સ, ડીઝલ એન્જિન, સબમર્શીબલ પંપ, હાર્ડવેર, મીની ટ્રેક્ટર સહિતની મશીનરી, પ્રિન્ટીંગ જોબ, ઓટો મોબાઈલ એસેસરી, ફાર્મા પ્રોડક્ટ, કોસ્મેટિક પ્રોડક્ટ, એજ્યુકેશન અને મેડિકલ સર્વિસ, સોલાર એનર્જી, પ્લાસ્ટિક કિચનવેર, પ્લાસ્ટિક પ્રોડક્ટ સહિતનાં અનેકવિધ પ્રદર્શિત સ્ટોલની મુલાકાત ઝિમ્બાબ્વે, યુગાન્ડા, આફ્રિકા, અમેરિકા, બાંગ્લાદેશ સહિત ૧૦૦થી વધુ દેશના પ્રતિનિધિઓએ તેમની પ્રોડક્ટ રજૂ કરી હતી.આ તકે સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળના હોદ્દેદારો, ઉદ્યોગકારો, વ્યવસાયિકો, વિદેશી ઉદ્યોગકારો સહિત મુલાકાતીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માણાવદરના ધારાસભ્ય દ્વારા વિવિધ પ્રશ્નો અંગે વિધાનસભામાં રજુઆત

માણાવદર તા. ૧૩

માણાવદર, વંથલી, મેંદરડા મત વિસ્તારના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણીએ વિધાનસભામાં આ વિસ્તારના પ્રાણપ્રશ્નો અંગે રજુઆત કરી બજેટમાં જોગવાઈ કરવા માંગણી કરેલ છે. જમાં ઘેડ વિસ્તારમાં સૌથી મોટા અમીપુર ડેમ છેલ્લા ઘણા સમયથી તુટેલા પાળાના કારણે ચોમાસાનું મીંઠું પાણી વહી ગયેલ છે. ઉપરથી દરિયાના ખારા પાણી ભળી જાય છે જે અનેક રીતે નુકશાનકારક છે. તેમજ ખારાડેમ બાંટવા રોડ ઉપર આવેલ છે તે સૌની યોજનામાં જોડી આ બંને ડેમ નર્મદાના પાણીથી ભરી દેવામાં આવે તો ઘેડ ઉપરાંત ખારા ડેમ નજીકના વિસ્તારને સિંચાઈ માટે કામ આવે તેમ છે. આ ઉપરાંત માણાવદર તાલુકાના તેમજ સમગ્ર વિધાનસભા વિસ્તારના ૭૫૦ કિ.મી.ના રસ્તાના કામો અંગે પણ બજેટમાં જોગવાઈ કરવા માંગ કરી છે.

# શ્રી ક્રિષ્ના પ્રાયમરી સ્કુલના વિદ્યાર્થીઓએ બી ડિવિઝન પોલીસ સ્ટેશનની લીધી મુલાકાત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

શ્રી ક્રિષ્ના પ્રાયમરી સ્કુલ મેનેજડ બાય પ્રયાગ વિદ્યા સંકુલ જૂનાગઢના ૮૦ વિદ્યાર્થીઓ અને ૬ સ્ટાફ તા. ૧૨-૦૨-૨૦૨૪ ના રોજ બી ડિવિઝન પોલીસ સ્ટેશન જૂનાગઢની મુલાકાત લઈ પોલીસની કામગીરી, વાયરલેસ, કમ્પ્યુટર ઓપરેટર, બોડી કેમેરા, નશાકાર વ્યકિતનું ટેસ્ટીંગ, લોક-અપ, વાહન ડીટેઈન, સાઈબર ફ્રોડ અને હથિયાર અંગેની માહિતી વિદ્યાર્થીઓને પોલીસ સ્ટાફ દ્વારા આપવામાં આપેલ હતી. પ્રશ્નોતરી દરમ્યાન પોલીસ વિભાગની વિવિધ કામગીરી અને પોલીસ વિભાગમાં ભરતી માટે ફીઝીકલ, લેખિત અને ઓરલ પરીક્ષા અંગેની માહીતી પી.આઈ. એન.એ.શાહએ આપેલ હતી. WASI સી.એમ. કાથડ, WPC આસમાબીન સી. અને માધુરીબેન જારસાણીયા તેમજ પોલીસ સ્ટેશનના તમામ કર્મચારીઓએ પોતાની કામગીરીનુ સુંદર માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપેલ હતું. શાળાના પ્રિન્સીપાલ કે.એમ.હુંમર, ક્રિનલસર, ચન્દ્રેશસર, શીતલમેડમ, ઈલામેડમ, એકતામેડમ તમામે પી.આઈ. એન.એ.શાહ તેમજ બી ડિવિઝન પોલીસ સ્ટેશનના તમામ સ્ટાફનો હૃદયપુર્વક આભાર વ્યક્ત કરેલ હતો.



# ખંભાળિયામાં રેલવેની સુવિધાઓ વધારવા માટેના સંસદના પ્રયાસોમાં વધુ એક સફળતા





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૩

ખંભાળિયાથી દ્વારકા તરફ જતા માર્ગે સલાયા ફાટક પાસેના રસ્તા પર બે નવા અંડર બ્રિજ બનશે. જેના કામો શરૂ કરવામાં આવ્યા છે. ખંભાળિયાથી સલાયા તથા દ્વારકા જતા રેલવે ફાટક પાસે હાલ ટ્રેનના આવા-ગમન સમયે વાહનોની લાંબી કતારો થતા ભારે હાલાકી જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. ત્યારે સંસદ પૂનમબેન માડમના પ્રયાસોથી આ પરિસ્થિતિના નિવારણ માટે એક તરફ જવા માટે તથા એક તરફથી આવવા માટે એમ બે નવા અંડર બ્રિજ માટે આશરે રૂપિયા દસ કરોડની રકમ મંજૂર કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આ અંડર બ્રિજ રેલ્વે દ્વારા બનાવવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેનું ખોદકામ પણ શરૂ કરી દેવામાં આવતા આ વિસ્તારમાં વાહન ચાલકો તથા નગરજનોમાં આનંદની લાગણી ફેલાઈ છે. થોડા સમય પૂર્વે જ કરોડો ખર્ચે રેલવે સ્ટેશનનું કામ શરૂ થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા સાંસદ પૂનમબેન માડમના પ્રયાસોથી અહીંના જડેશ્વર ટેકરી પાસે પણ કરોડો રૂપિયાના ખર્ચે અંડર બ્રિજ બનાવવામાં આવ્યો છે. આટલું જ નહીં, આગામી સમયમાં જામનગર ફાટક નજીક પણ આશરે રૂપિયા ૩૮ કરોડના ખર્ચે સરકાર દ્વારા ઓવરબ્રિજ મંજૂર કરવામાં આવ્યો છે. જે અંગેની ટેન્ડરિંગ પ્રક્રિયા પણ ચાલી રહી છે. ત્યારે અહીંના સલાયા ફાટક પાસે પણ રેલવે તંત્ર દ્વારા એક જવાનો તથા એક આવવાનો એમ બે નવા અંડર બ્રિજની કાર્યવાહી શરૂ કરવામાં આવતા લોકોમાં ખૂબ આનંદની લાગણી વ્યાપી છે. ખંભાળિયામાં આવતા જતા વાહન ચાલકોને ઘણા વર્ષોથી ટ્રેનના સમયે રેલવેના ફાટકો નડતા હતા. સાંસદ પૂનમબેન માડમના પ્રયાસોથી આ સમસ્યા હવે આગામી સમયમાં ભૂતકાળ બની જશે.

# જૂનાગઢમાં ૧૧૦ બોટલ દારૂ સાથે બે ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચોક્કસ બાતમીના આધારે મધુરમ-વંથલી રોડ ઉપર આવેલ એક હોટલમાં દારૂ અંગે દરોડો પાડતા ૧૧૦ બોટલ દારૂ સાથે બેને ઝડપી લેવામાં આવેલ છે.

આ બનાવ અંગે ક્રાઈમ બ્રાન્ચના હેડકોન્સ્ટેબલ આઝાદસિંહ મુળુભાઈએ જાતે ફરિયાદી બની પોલીસમાં નોંધાવેલ ફરિયાદ અનુસાર આ કામના આરોપી કૌશીક જીવનભાઈ વાઘેલા(ઉ.વ.૪૭) રહે.મધુરમ, સુદામા પાર્ક તથા વિજય કનકરાય ટાંક(ઉ.વ.૩૮) રહે.કામદાર સોસાયટી વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ પોતાની લાઈન વિલા હોટલમાં ગે.કા. ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી બોટલો મળી કુલ બોટલો નંગ-૧૧૦ કુલ કિ.રૂા.૧૮,૬૮૦ તથા મોબાઈલ ફોન નંગ-૨ કિ.રૂા.૨૦,૦૦૦ મળી કુલ કિ.રૂા.૩૮,૬૮૦ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન મળી આવી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી સી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ટૂરિસ્ટ ફેસિલિટી ઓડિટોરિયમ ખાતે આયોજન

# સોમનાથમાં રાજ્યના ગ્રંથપાલોના ત્રિદિવસીય સેમિનાર યોજાયો




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૩

સોમનાથ ખાતે રાજયના ગ્રંથપાલોનો ત્રિદિવસીય સેમિનારનો પ્રારંભ થયો હતો. સરકારે જાહેર ગ્રંથાલયો માટે ૧૪૦ કરોડની ગ્રાન્ટ ફાળવણી કરી છે. ત્યારે વાંચન કેવી રીતે વધે, સારા પુસ્તકો કેવી રીતે વધે અને વાંચન સમૃધ્ધ ગુજરાત થાય તેનો વિચાર વિમર્શ-મંથન આ સેમિનારમાં થશે. ગુજરાત પુસ્તકાલય મંડળ-વડોદરા આયોજીત ગુજરાતના ગ્રંથપાલોની ત્રિદિવસીય સેમિનારનો સોમનાથ ખાતે ટુરીસ્ટ ફેસીલીટીઓડિટોરીયમ ખાતે પ્રારંભ થયો છે. આ સેમિનારમાં ગુજરાતભરના ગ્રંથપાલો પ્રમુખો-મંત્રીઓ ભાગ લઈ રહ્યાં છે.

આ સેમિનારમાં સાર્વજનિક પુસ્તકાલયને ચલાવવા માટેની માહિતી તેમાં ઉતરોતર સુધારો કરવો અને તેને ઈ લાયબ્રેરી બનાવવી અને જાહેર ગ્રંથાલયોના વિકાસ માટે પુસ્તક મેળવવું, કમી કરવું અને ગ્રંથાલયની વિસ્તરણ પ્રવૃત્તિઓ માટે ગ્રંથપાલોને માર્ગદર્શન અપાયું હતું તથા સાથોસાથ જાહેર ગ્રંથાલયોનાં વિકાસ માટે રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન યોજનાનો પરિચય અપાયો હતો. સેમિનારને સંબોધતા ડો. પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યું કે આજે સરકારે જ્યારે ગ્રંથાલયો માટેની ગ્રાન્ટ ૩૨ કરોડથી વધારી ૧૪૦ કરોડ જેટલી કરી છે ત્યારે આપણા પ્રયત્નો વાંચન કેવી રીતે વધે અને સારા પુસ્તકો કેવી રીતે વધે તે કરવાની ખાસ જરૂર છે.વાંચન સમૃધ્ધ ગુજરાતને બનાવી આપણે ભારતના વડાપ્રધાનના સ્વપ્રને સાકાર કરીશું. આ સદીમાં ભલે આપણે વિકસીત થઈ જઈએ પણ સંસ્કાર અને સંસ્કૃતિ નહીં જાળવીએ તો વિશ્વગુરુની કલ્પનામાં આપણે પાછા પડીશું. માત્ર વિદ્યાર્થીઓ અને વાંચકો જ નહીં શિક્ષકો પણ ગ્રંથાલયમાં પુસ્તક વાંચવા-લેવા દેવા જતાં હોય તેવી સ્થિતિ આપણે નિર્માણ કરવાની છે તેમ જણાવ્યું હતું.

# જૂનાગઢના મેયર સુભાષ પાણી-પુરીની મુલાકાતે



જૂનાગઢ, તા.૧૩

તાજેતરમાં જૂનાગઢ મનપાના મેયર ગીતાબેન પરમારે સુભાષ પાણીપુરીની મુલાકાત લીધી હતી અને વ્યવસાય બાબતે માહિતી મેળવી ઉત્તરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી તેમની સાથે મોહનભાઈ પરમાર, ભારતબીને પ્રજાપતિ, નીરવ વસવેલીયા અને સુભાષભાઈ પાણીપુરીવાળા ઉપસ્થિત રહ્યા હતા.

# લોઢવા ખાતે ખોડીયાર માતાજીના મંદિરે ખોડિયાર જયંતિની ઉજવણી કરાશે

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૧૩

લોઢવા ગામે આવેલ ખોડીયાર માતાજીના મંદિરે ખોડીયાર જન્મ જયંતિની ધામધુમ પુર્વક ઉજવણી કરવામાં આવનાર છે. તા.૧૬-૨-૨૪ ને શુક્રવારના રોજ ખોડીયાર મંદિરે સાંજના ૭ વાગ્યે રાંદલ માતાજીના તેડા ૨૨ લોટાથી રાખેલ છે. તેમજ તે દિવસે રાત્રે ગંગેડી ગામનું પ્રખ્યાત બાલકૃષ્ણ રામા મંડળનો કાર્યક્રમ રાખેલ છે અને રાત્રીના ૧૨ વાગ્યે ખોડીયાર માતાજીનું પ્રાગટયનો કાર્યક્રમ રાખેલ છે.

તા.૧૭-૨-૨૪ ના રોજ સવારે ૯ વાગ્યે ધ્વજા રોહણ અને ત્યારબાદ ખોડીયાર માતાજીની રથયાત્રા ગામનું પરિભ્રમણ કરશે. બપોરે ૧૨ વાગ્યે સમસ્ત ગામ માટે મહાપ્રસાદનું આયોજન કરેલ છે. મહાપ્રાસદના દાતા હિતેષભાઈ જોષી છે. આ કાર્યક્રમમાં સર્વ ધર્મપ્રેમી જનતાએ દર્શનનો તથા મહાપ્રસાદનો લાભ લેવા એક યાદીમાં જણાવેલ છે.

# લોકસભાની ચૂંટણી જાહેર થાય તે પૂર્વે ગીર સોમનાથ જીલ્લામાં ભાજપનું બુથ સુધી પહોંચવા બે દિવસ ગાંવ ચલો અભિયાનનો પ્રારંભ

## ગીર સોમનાથ જિલ્લામાં ૫૦૦ થી વધુ પ્રચારકો ૧૦૭૭ સંયોજકોએ પ્રચાર હાથ ધર્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૩

લોકસભાની ચૂંટણીના ઉમેદવાર જાહેર થાય તે પહેલા કાર્યાલયો ખોલી નાખનાર ભાજપ પક્ષ દ્વારા ગામડે ગામડે જઈને પ્રચારયાત્રા ચલાવવા માટે કાર્યક્રમ જાહેર કરી તેના સંયોજક અને પ્રવાસી કાર્યકર્તા ( પ્રચારક ) નક્કી કરી લેવાયા છે. ગાંવ ચલો કાર્યક્રમ અંગે વિગતો આપતા ગીર સોમનાથ જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્ર પીઠીયાએ જણાવેલ કે, માઈક્રો પ્લાનીંગ સાથે ગીર સોમનાથ જિલ્લાના ૩૮૦ ગામડા તેમજ પાંચ નગરપાલિકા વિસ્તારના ૧૦૭૭ બુથ પર ૫૦૦ થી વધુ પ્રવાસી કાર્યકર્તા(પ્રચારક) તેમજ ૧૦૭૭ સંયોજક બૂથના જેટલા મતદારો છે તેના સુધી પહોંચીને ભાજપની વાત કહેશે, સરકારની કામગીરી વર્ણવશે અને સાથે સાથે કોઈ સ્થાનીક પ્રશ્નો હોય તો તેની પણ યાદી બનાવશે. આ અભિયાનમાં ભારતીય જનતા પાર્ટી સંગઠનના જિલ્લાથી લઈ તાલુકા કક્ષા સુધીના હોદેદારો ઉપરાંત સાંસદ, ધારાસભ્યો સહિત જિલ્લા તાલુકા પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓ પણ કામગીરીમાં જોડાયા છે અને તાલુકા કક્ષાએ સંયોજક રહેશે અને તે ગામડાના બૂથ સુધીના સંયોજક અને પ્રચારકને પ્રોત્સાહીત કરશે. ગામડામાં જઈ ભાજપની વિકાસગાથાની વાત કહેવા સાથે તેમના પ્રશ્નો સાંભળવામાં આવશે. ગામના મહત્વના આગેવાનો, સંતો, ધાર્મીક જગ્યાના પૂજારીઓ, સહકારી આગેવાનો, જ્ઞાતિ મંડળોના આગેવાનો સાથે પણ મુલાકાત કરશે. ગીર સોમનાથ જિલ્લાના ૩૮૦ ગામડાને આવરી લેતા આયોજનો કરી દેવાયા છે. જિલ્લામાં ૫૦૦ થી વધુ પ્રવાસી કાર્યકર્તા અને ૧૦૭૭ સંયોજકોની નિયુક્તિ કરી દેવાઈ છે. મોટા ગામ છે ત્યાં બેથી ત્રણ પ્રવાસી કાર્યકર્તા કામ કરશે. સંયોજક સ્થાનિક હશે અને તે આ પ્રચારકોને દરેક જગ્યાએ સાથે લઈને જશે. ચૂંટણી પહેલા બૂથ સુધી પહોંચી તેનો રિપોર્ટ તૈયાર કરીને સંગઠનને મોકલી આપવામાં આવનાર છે. ગામના પ્રશ્નોની પણ યાદી બનશે અને તે પણ સાથે મોકલાશે. આ કાર્યક્રમ થકી ભાજપ સરકારના વિકાસકાર્યોથી છેવાડાના લોકોને અવગત કરાવવાની નેમ છે.



# સુત્રાપાડામાંથી ચોરીયાઉ બાઈક અને ટ્રકના ૧૧ હાઈડ્રોલીક જેક સાથે એક શખ્સની અટક કરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૩

સુત્રાપાડામાંથી ચોરીયાઉ બાઈક અને ટ્રકના ૧૧ જેટલા હાઈડ્રોલીક જેક સાથે કોડીનારના દેવળી ગામના શખ્સને પોલીસે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ સુત્રાપાડા પંથકમાં ગુનાખોરી અટકાવવા માટે પીએસઆઈ એન.એ.વાઘેલાની સુચનાથી સંજય પરમાર, દિપક અખીયા, પી.કે.ગોહિલ, ભરત મસરીભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગ કરી રહ્યો હતો. દરમ્યાન સુત્રાપાડામાં સીધ્ધી સિમેંટના ટ્રાંસપોર્ટ પાસે ગ્રાઉન્ડમાં ધવલ રામસિંગ મોરી ઉ.વ ૨૭ રહે.દેદાની દેવળી વાળો બાઈક અને બાચકા સાથે શંકાસ્પદ હાલતમાં ઉભેલ જોવા મળેલ હતો. જેથી તેના બાચકાની તપાસ કરતા તેમાં ટ્રકના ૧૧ જેટલા હાઈડ્રોલિક પ્રેશર જેક મળી આવેલ હતા. બાદમાં જેક અને બાઈક બાબતે આધાર પુરાવા માંગતા ધવલ સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. જેથી બાઈકની કિ.રૂ.૨૦ હજાર તથા ટ્રકના હાઈડ્રોલિક પ્રેશર જેક નંગ-૧૧ ની કિં.રૂા.૩૩ હજાર કુલ કિ.રૂા.૫૩ હજારનો શક પડતો મુદ્દામાલ આધાર પુરાવા વગર ચોરીથી કે છળકપટથી પોતાની પાસે રાખી મળી આવતા Cr.P.C. કલમ-૧૦૨ મુજબ કબ્જે કરી ધવલની Cr.P.C. કલમ ૪૧(૧)ડી મુજબ ધોરણસર અટક કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



# ભાણવડના ઢેબર ગામે સમસ્ત હિંગોરા સુન્ની મુસ્લિમ સમાજનો સમુહ શાદી મહોત્સવ યોજાયો





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૩

દ્વારકા જિલ્લાના ભાણવડ નજીક આવેલા ઢેબર ગામ ખાતે તાજેતરમાં સમસ્ત સૌરાષ્ટ્ર હિંગોરા મુસ્લિમ સમાજનો સમૂહ શાદી મહોત્સવ યોજાયો હતો. જેમાં ૩૬ દંપતિઓએ નિકાહ કર્યા હતા. કાર્યક્રમના પ્રમુખ તરીકે પીરે તરિકત તથા અગ્રણી સૈયદ હાજી સૈદુબાપુ તથા ડેરાવાળા પરિવાર રહ્યો હતો. આ કાર્યક્રમમાં રાણાવાવ, ઢેબર ભેનકવાડ, ભાણવડ, ધોરાજી, અમદાવાદ સ્થળોએથી સૈયદ તથા મૌલવીઓ તેમજ હિંગોરા પરિવારજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સવારે ૯ વાગ્યે નિકાહનો ગુલપોષી કાર્યક્રમ યોજાયો હતો. ૧૦ વાગ્યે સમૂહ નિકાહ તથા ૧૨ વાગ્યે ન્યાઝનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જામનગર, ભેનકવાડ, ભાણવડ રાણપરડા, ઢેબર, સહિતના જુદા જુદા ગામો તેમજ સૌરાષ્ટ્રમાંથી હિંગોરા સુન્ની મુસ્લિમ લોકો ઉમટ્યા હતા. આ કાર્યક્રમના સંકલનમાં ગુંદા હાઈસ્કૂલના આચાર્ય કે.એમ. હિંગોરા પણ જોડાયા હતા.

# વેરાવળના નિરાધારનો આધાર સંસ્થાને રોટલી બનાવવાનું ઓટોમેટીક મશીન ભેટ સ્વરૂપે અપાયુ



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૩

ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળમાં ડારી ટોલ નાકા પાસે વર્ષેથી ચાલતી સંસ્થા નિરધાર નો આધાર જેમાં કોઈ પણ જાતના જાતિ ધર્મના ભેદભાવ વગર માનસિક રીતે અસ્થિર કે અસહાય નિરાધાર ૮૦ થી વધારે પ્રભુજીને રહેવા, જમવા તેમજ જીવન જરૂરી દરેક વસ્તુઓ નિશુલ્પણે દાતાઓના સહકારથી પુરી પાડવામાં આવે છે. સંસ્થાની પ્રવૃત્તિઓ પ્રેરિત થઈને દાતાઓના સહકારથી પ્રભુજીઓને જીવન નિર્વાહ કરવા સંપૂર્ણ વ્યવસ્થા આરોગ્યની પુરતી સાર સંભાળ રાખવામાં આવે છે. આ સંસ્થાને અનેક દાતાઓ તરફથી અવાર નવાર જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે ત્યારે વેરાવળ ખાતે ફીશ ઉદ્યોગ સાથે સંકળાયેલી કંપની દ્વારા સી.આર.એસ. પ્રવૃત્તિ અંતર્ગત નિરાધાર નો આધાર માનવસેવા આશ્રમને ઓટોમેટિક રોટલી બનાવવાનું મશીન ભેટ સ્વરૂપે આપી પ્રભુજીના જઠર અગ્નિને શાંત કરવામાં વધુ સરળતા રહે તેવા સંકલ્પ સાથે કંપનીના હોદેદારોમાં મનિષભાઈ સુયાણી, મેહુલભાઈ વ્યાસ, હમીરભાઈ નકુમ દ્વારા અર્પણ કરી સેવા સાથે સમર્પણની ભાવના વ્યક્ત કરી છે. આ તકે નિરાધાર નો આધાર સંસ્થાના હોદેદારો તેમજ અનિષ રાચ્છ સહીતના ઉપસ્થિત રહેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

**પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન**

**ઈ-ટેન્ડર આમંત્રણ નોટિસ**

W.118/NIT/E-Tender/2023-24/29/WA

તારીખ: 06/02/2024; ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (એસએન્ડટી) પશ્ચિમ રેલવે, ભાવનગર દ્વારા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત છે; (1) ટેન્ડર નં. 32-2023: ભાવનગર ડિવિઝન: પોરબંદર-કાનાલુસ સેક્શનમાં પોરબંદર સ્ટેશન પર KYOSAN મેઈકની ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકીંગ સિસ્ટમનો કોમ્પ્રિહેન્સિવ વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રેક્ટ ત્રણ વર્ષના સમયગાળા માટે. (અંદાજિત ખર્ચ ₹ 44,48,738.82/-) (ચુમાલીસ લાખ અડતાલીસ હજાર સાતસો આડત્રીસ રૂપિયા અને બ્યાસી પૈસા પુરા). બિડર્સે ઓનલાઈન બિડ એટલે કે www.ireps.gov.in પર જ અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે વેબસાઈટ www.ireps.gov.in ની વિઝીટ કરવા વિનંતી. ઓનલાઈન અરજી માટેની છેલ્લી તારીખ 07/03/2024 ના 15:00 કલાક સુધી છે. 171

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર જાહેર કરૂ છું કે, મારૂ જુનું નામ **કિંજલ હાર્દ પરીખ** હતું જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **કિંજલ ધર્મેન્દ્ર ગગલાણી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

**કિંજલ ધર્મેન્દ્ર ગગલાણી**

મોતી પેલેસ, બી ૬૦૫, મોતીબાગ, જૂનાગઢ - ૩૬૨૦૦૧

**CHANGE OF NAME**

I HAVE CHANGE MY NAME FROM BELIM SOEM GAFFAR TO BELIM SOEM GAFARBHAI. NOW ON WORD I WOULD BE KNOWN AS PER MY NEW NAME BELIM SOEM GAFARBHAI

: ADDRES :

BELIM SOEM GAFARBHAI

SAIYED WADA, NR. PIR STREET,

JULELAL MANDIR ROAD,

JUNAGADH- 362001 ( GUJARAT)

MO. 7984117900

# ભવનાથના શિવરાત્રી મેળામાં આ વર્ષે ૧૨ લાખ કરતા વધુ ભાવિકો ઉમટી પડે તેવી ધારણા

## આસ્થાના કેન્દ્ર એવા પ્રતિ વર્ષ યોજાતા શિવરાત્રીના મેળા અંગે કાયમી ધોરણે 'માસ્ટર પ્લાન' ઘડી કાઢવા માંગ









(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તીર્થ ક્ષેત્રમાં આગામી તા.૫ થી ૮ માર્ચ સુધી શિવરાત્રીનો મહામેળો યોજાનાર છે ત્યારે આ મેળાને લઈને સામાજીક મંડળો, સંતો દ્વારા અનેક સુચનો થયા છે ઉપરાંત વહિવટી તંત્ર દ્વારા પણ મેળાને લઈને બેઠકોનો દોર ચાલી રહ્યો છે. દરમ્યાન દર વર્ષે યોજાતા આ મેળામાં કાયમી ધોરણે વ્યવસ્થા ઉભી કરવી જોઈએ તેવી લાગણી પ્રવર્તી રહી છે અને આ મેળા અંગે સરકારના લેવલથી એક માસ્ટર પ્લાન ઘડાઈ જાય અને તેની અમલવારી થાય તેવી પણ લાગણી ભાવિકોમાં પ્રવર્તી રહી છે.

ગુજરાતનું ઐતિહાસીક અને ધાર્મિક તેમજ પ્રવાસનની દ્રષ્ટીએ ખુબ જ મહત્વ ધરાવતું જૂનાગઢ અને તેને નજીક જ આવેલા ભવનાથ ક્ષેત્ર અને ગિરનારની પર્વત માળા અને ધાર્મિક સ્થળો અહીં પ્રવાસન જનતાને કાયમને માટે આકર્ષી રહ્યા છે. સરકાર દ્વારા પણ જૂનાગઢ આધ્યાત્મિક દ્રષ્ટીએ અને પ્રવાસન દ્રષ્ટીએ હબ બને તેવા પ્રયાસો હાથ ધરાયા છે અને જેને લઈને જૂનાગઢ શહેર અને ભવનાથ ક્ષેત્ર આજે પ્રવાસન ધામ તરીકે સંપુર્ણ વિકસી ગયું છે અને હજુ અનેક કાર્યો હાથ ધરાઈ રહ્યા છે. દરમ્યાન અહીં ગિરનાર ક્ષેત્રમાં વર્ષ દરમ્યાન યોજાતા પરિક્રમાનો મેળો, શિવરાત્રીનો મેળો અને પૂજય દાતાર બાપુના ઉર્ષનો મેળો ખુબ જ ભાવપુર્વક યોજાઈ છે અને ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ગત ગિરનારની લીલી પરિક્રમમાં લાખોની સંખ્યામાં ભાવિકોએ પરિક્રમાનું પુનિત ભાથું બાંધ્યું હતું અને આગામી નજીકના સમયમાં જ જયારે શિવરાત્રીનો મહામેળો યોજાવાનો છે ત્યારે આ મેળામાં પણ લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડવાના છે. આ વર્ષે ૧૨ લાખ કરતા પણ વધારે ભાવિકો શિવરાત્રી મેળામાં ઉમટી પડે તેવી ધારણા છે. આગામી તા.૫ માર્ચથી ૮ માર્ચ દરમ્યાન શિવરાત્રીનો આ મેળો યોજાવાનો છે ત્યારે સ્થાનિક કક્ષાએથી આયોજન થઈ રહ્યા છે તેમજ સંતો-મહંતો, સેવાકીય સંસ્થાઓ, ઉતારા મંડળ વિગેરે દ્વારા પણ મેળાને લઈને સ્થાનિક તંત્રને તેમજ સરકારમાં પણ ઉપયોગી સુચનો કરવામાં આવેલ છે. સૌથી મોટી વાત એ છે કે તમામનું કહેવું એક જ છે કે શિવરાત્રી મેળામાં આયોજનબધ્ધ રીતે કાર્યો થાય તેમજ આ મેળામાં આવતા લાખોની સંખ્યામાં ભાવિકોને તેમજ અહીં પધારતા સંતોને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તેવી સુચારૂ વ્યવસ્થા માટે રજુઆતો કરવામાં આવી રહી છે. એક બાબત તો નિશ્ચિત છે કે શિવરાત્રી અને પરિક્રમાનો મેળો દર વર્ષે યોજાઈ છે અને ૧૦થી ૧૨ લાખની મેદની ઉમટી પડે છે આ પણ એટલું જ સત્ય છે. ત્યારે આ મેળાને અનુલક્ષીને સરકાર દ્વારા એવું આયોજન થવું જોઈએ કે કાયમી ધોરણે વ્યવસ્થા ઉભી થવી જોઈએ. શિવરાત્રી મેળો કે પરિક્રમાનો મેળો આવે ત્યારે દર વર્ષે આ મેળાના થોડા દિવસો પહેલા તંત્ર દ્વારા બેઠકો ચલાવવામાં આવે અને સુચનો માંગવામાં આવે અને દર વર્ષે આ જ પ્રક્રિયા કરવામાં આવતી હોય છે. પરંતુ જો કાયમી ધોરણે યોગ્ય વ્યવસ્થા અને સમિતીની રચના કરી નાખવામાં આવે અને માસ્ટર પ્લાન ઘડી કાઢવામાં આવે તો મેળાની તૈયારીમાં સરળતા રહે તેવું પણ ભાવિકોનું અને લોકોનું માનવું છે. શિવરાત્રીના મેળા આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે આ મેળામાં ૧૦ થી ૧૨ લાખની જનતા ઉમટી પડનાર છે ત્યારે આ મેળા માટેનો માસ્ટર પ્લાન તત્કાલ અને એ પણ કાયમી ધોરણે ઘડી કાઢવામાં આવે તેવી લાગણી અને માંગણી પ્રવર્તી રહી છે.

# માળીયાહાટીના તાલુકાના લાઠોદ્રા ગામના યુવાનના આપઘાત પ્રકરણનો ૧૧ મહિને ભેદ ઉકેલાયો

## મૃતદેહને મોપેડ ઉપર લઈ જઈ ચુંદડી સળગાવી પુરાવાનો નાશ કર્યો હોવાની વિગત બહાર આવતા ચકચાર

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

માળીયાહાટીના તાલુકાના લાઠોદ્રા ગામનાં દિપક નારણભાઈ લખધીર નામના યુવાનના આપઘાતનો ભેદ ૧૧ મહિને પોલીસે ઉકેલી મૃતક યુવકની પ્રેમિકા તથા તેણીના ભાઈની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. મરનાર દિપક લખધીરને તેના જ ગામની કાજલ પરબતભાઈ ઝણકાત નામની યુવતી સાથે પ્રેમ સંબંધ હતો પરંતુ કાજલે આ પ્રેમ સંબંધ તોડી નાખી દિપકને માનસિક ત્રાસ આપી તેની સાથે જીવવાનો કોલ આપ્યો હતો તે નિભાવેલ નહિ.

યુવાન કાજલ વગર જીવી શકે તેમ ન હોય જેથી તેણે પ્રેમિકાને ફોન કરી પોતે મરી જશે. આમ છતાં પણ પ્રેમિકાએ કોઈને જાણ ન કરી મરવા દેતા દીપક લખધીરે ગત ૧૧ માર્ચની રાત્રે કાજલની વાડીએ જઈ મકાનના ઢાળીયામાં ચુંદડી વડે ગળેફાંસો ખાઈ લીધો હતો. આથી કાજલ અને તેનો ભાઈ કાંધલ પરબતભાઈએ દિપકના મૃતદેહને મોપેડ ઉપર લઈ જઈ વોંકળામાં મૂકી ગયા હતા અને યુવકે ફાંસો ખાધેલ ચુંદડી બંનેએ સળગાવી દઈ પુરાવાનો નાશ કર્યો હતો. આ અંગે મૃતકના માતા મનિષાબેન લખધીરની ફરિયાદ મળ્યાના પીએસઆઈ પી.કે. ગઢવીએ લઈ બંને વિરુદ્ધ કલમ હેઠળ નોંધીને કાર્યવાહી કરી હતી અને ત્વરિત તપાસ હાથ ધરીને કાજલ તેમજ તેના ભાઈ કાંધલની ધરપકડ કરી અને મૃતદેહને લઈ જવા માટે ઉપયોગમાં લીધેલ મોપેડ પણ કબજે કર્યું હતું. આ અંગે માળીયાહાટીના પીએસઆઈ કે.પી ગઢવીએ જણાવ્યું હતું કે, ગત ૧૨ માર્ચની સવારે મૃતક યુવકનો મૃતદેહ લાઠોદ્રા ગામનાં વોકળામાંથી મળી આવ્યો હતો. પરંતુ મૃતકના વિસેરા પૃથક્કરણ માટે ફોરેન્સિક લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. ૫ પ્રકારે તેનું પૃથક્કરણ કરવામાં આવ્યા બાદ યુવાનનું મોત ગળેફાંસો ખાઈ લેવાથી જ થયું હોવાનું જણાયું હતું. આ પ્રમાણેના ફોરેન્સિક રિપોર્ટના આધારે સમગ્ર ભંડાફોડ થયો હતો અને મૃતકની માતાની ફરિયાદ લઈ પ્રેમિકા અને તેના ભાઈની અટક કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢ શનિ મંદિર ખાતે શ્રી નૃસિંહ ભગવાનની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ ભવનાથ તળેટી સ્થિત શ્રી શનિદેવ અને શ્રી સરસ્વતી મંદિર ખાતે મહંત તુલસીનાથ બાપુ દ્વારા શ્રી નૃસિંહ ભગવાનની મૂર્તિની નુતન પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ દ્વિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠામાં યજ્ઞમાં આહુતી આપતા પુ.એકતાનાથજી તેમજ નૃસિંહ ભગવાનની મૂર્તિનો અભિષેક કરતા તસ્વીરમાં નજરે પડે છે. હાલ આ શની મંદિર ખાતે રીનોવેશનની કામગીરી મહાશિવરાત્રી મેળાને લઈને પુરજોશમાં ચાલી રહી છે તો આ કામગીરીમાં આર્થિક સહયોગ આપવા ઈચ્છતા દાતાશ્રીઓએ મો.નં. ૯૪૨૭૭ ૪૬૯૯૫ ઉપર સંપર્ક સાધવા તુલસીનાથ બાપુએ અપીલ કરી છે.

# કેશોદ : ક્રિકેટના સટ્ટાની રકમ બાકી રાખવાના મનદુ:ખે જાનથી મારી નાખવાની ધમકી


(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

કેશોદના પીપલીયાનગર, માંગરોળ રોડ, તીરૂપતી પાઈપ વાળી ગલીમાં રહેતા અભયભાઈ ધીરૂભાઈ સાવલીયા (ઉ.વ.૨૨)એ રવિભાઈ ભીખાભાઈ નાવદરીયા તેમજ નીકીશુ ધનસુખભાઈ વપરીયા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીએ આ કામના આરોપી નં-૧ સાથે ક્રિકેટ સટ્ટામાં રૂપીયા હારી જતા ફરિયાદીએ આરોપીને રૂપીયા ૧૦,૦૦,૦૦ ચુકવી આપેલ તેમજ ૬,૫૦,૦૦૦ બાકી રાખેલ જે ફરિયાદી ચુકવી ન શકતા આરોપીએ રકમ વધારી રૂપીયા ૧૧,૦૦,૦૦૦ની માંગણી કરેલ તેમજ આ કામના આરોપી નં-૨ પાસેથી ફરિયાદીએ ક્રિકેટ સટ્ટાના તેમજ આ કામના આરોપી નં-૨ પાસેથી ફરિયાદીએ ક્રિકેટ સટ્ટાના ૩૫,૦૦,૦૦૦ના આઈડી લઈ બાદમાં બીજા રૂપીયા ૩૫,૦૦,૦૦૦ હારી જઈ કુલ રૂપીયા ૭૦,૦૦,૦૦૦ ચુકવી આપી બાદમાં તેની પાસેથી રૂપીયા ૧૭,૦૦,૦૦૦નું આઈડી લઈ તે રકમ બાકી રાખતા ફરિયાદી બંને આરોપીઓને રકમ ચુકવી ન શકતા આ કામના બંને આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીથી તેના બેંકના ચેકો મેળવી લઈ ભુંડી ગાળો કાઢી ગુનો કર્યા અંગે ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૫૦૪, ૩૮૭ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ કેશોદ પોલીસ ચલાવી રહી છે.

# શ્રી શ્યામ વિદ્યાલય અને કડિયા જ્ઞાતિ કન્યા છાત્રાલય ખાતે પરીક્ષાલક્ષી, જીવનલક્ષી માર્ગદર્શન અપાયું





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

શ્રી શ્યામ વિદ્યાલય અને કડિયા જ્ઞાતિ કન્યા છાત્રાલય જૂનાગઢની ધોરણ ૯ ઠ કોલેજ સુધીમાં અભ્યાસ કરતી દીકરીઓને રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા ડો. જીતુભાઈ ખુમાણ અને ડો.પ્રો. ભાવનાબેન ઠુંમર દ્વારા પરીક્ષાલક્ષી, જીવનલક્ષી માર્ગદર્શન આપી વિદ્યાર્થીનીઓએ પોતાનું ધ્યેય નક્કી કરી જીવનમાં હકારાત્મક વલણ અપનાવી સંસ્કારો સાથે આધ્યાત્મિકતા સાથે કેળવણી મેળવી આપણા વિકાસ સાથે રાષ્ટ્રના વિકાસમાં આપણો સહયોગ કેમ આપી શકાય તેમજ જીવનમાં કેમ આગળ વધવું અને પરીક્ષા સમયે ચિંતા અને ભય મુક્તરીતે પરીક્ષા આપી આપણું જીવન વ્યવસ્થિત બનાવી શકાય તેમ જણાવી વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તકે સંસ્થાના મંત્રી જે.કે. ચાવડા, ઉપપ્રમુખ ગોરધનભાઈ ટાંક, ખજાનચી કિશોરભાઈ ચોટલીયા, શ્રી ભાલીયા, શાળાના પ્રિન્સિપાલ પ્રવીણભાઈ મારૂ, ગૃહમાતા હેતલબેન ચૌહાણ સાથે શાળા અને છાત્રાલયના કર્મચારીઓ પણ ઉપસ્થિત રહેલ હતા.

# જૂનાગઢમાં દેશી હાથ બનાવટના તમંચા સાથે ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢમાં દેશી હાથ બનાવટના તમંચા સાથે એકને પોલીસે ઝડપી લીધેલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના એએસઆઈ વિક્રમભાઈ કાનાભાઈએ જાતે ફરિયાદી બની આ કામના આરોપી ધવલ જીતેન્દ્રભાઈ ચુડાસમા(ઉ.વ.૨૫) રહે.દાતાર રોડ, વાણંદ સોસાયટી તથા હાજર નહી મળી આવેલ રાજેશ ગંગાસિંગ રાજાવત રહે.ભીંડ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, વાણંદ સોસાયટી તરફ જવાના રસ્તા ઉપરથી આ કામના આરોપી ધવલ ગેરકાયદેસર રીતે દેશી હાથ બનાવટનો તમંચો આ કામના આરોપી રાજેશ ગંગાસિંગ વાળા પાસેથી મેળવી અને જાહેરમાં દેશી હાથ બનાવટનો તમંચો નંગ-૧ રૂા.૫ હજારના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન મળી આવતા તેના વિરૂધ્ધ હથિયાર ધારા ભંગ અંગે ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ ચલાવી રહી છે.

# મેંદરડાના મીઠાપુર ગામે માર માર્યો : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

મેંદરડા તાલુકાના મીઠાપુર ગામ નજીક બનેલા બનાવમાં માર મારવાનો બનાવ બનેલ છે. આ બનાવ અંગે કેશોદ તાલુકાના રંગપુર ગામના નિરવભાઈ નાથાભાઈ પારેડી(ઉ.વ.૨૪)એ કેશોદના કાલવાણી ગામના ભગીરથસિંહ રાજુભાઈ બાબરીયા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી તેમના કુટુંબી મોટાભાઈ આનંદભાઈ અજયભાઈ પારેડી સાથે મીઠાપુર ગામે રોડ ઉપર ઉભા રહી વાતો કરતા હતા એ વખતે આ કામના આરોપીએ આવી ફરિયાદીને કહેલ કે તું મારી માસીની દીકરી સાથે કેમ પ્રેમ સંબંધમાં છે તેમ કહી ઉશ્કેરાઈ જઈ લાકડા વડે ફરિયાદીના ડાબા હાથમાં કોણીથી નીચેના ભાગે ઘા મારી ઈજા કરી નાસી જઈ જીલ્લા મેજી.ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા મેંદરડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાંથી વધુ ૧૮ બોટલ દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ એ ડીવીઝન પોલીસે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવી ૧૮ બોટલ દારૂ સાથે એક શખ્સને ઝડપી લીધો છે.

આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢના રામ નિવાસ નજીક બનેલા બનાવમાં એ ડીવીઝન પોલીસે સમીર ઉર્ફે ઘનો યુનુસભાઈ નાગોરી રહે.દાતાર રોડ નજીક વાળાના કબ્જામાંથી રેઈડ દરમ્યાન ભારતીય બનાવટની વિદેશી દારૂના અલગ-અલગ બ્રાન્ડની કાચની બોટલ નંગ-૮ તથા અન્ય બોટલ નંગ-૨ તથા અન્ય કાચની બોટલ નંગ-૮ વિગેરે મળી કુલ ૧૮ બોટલ રૂા.૪૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરી તેના વિરૂધ્ધ પ્રોહિબિશન અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ ચલાવી રહી છે.


**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.**
**આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**

**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**



**ૐ નેચર કયોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**
**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




**બીના ઈલેક્ટ્રોનિક્સ**

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

**0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ**

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.